श्रीमद्विजयानन्दसूरि सद्गुरुभ्यो नमः

श्री

# आत्मानन्द प्रकाश.

सेव्यः सदा सद्गुरु कल्पवृक्षः

जैनो संघश्चतुर्धा भवतु विविधसद्ज्ञानसंपद्विलासी
श्रेयः सामाजिकं यद्विलसतु सततं तत्र पूर्णप्रभावि ।
भक्ति श्रीमद्गुरूणां प्रसरतु हृदये भावपूर्णप्रकाशा
'आत्मानन्द प्रकाश' ह्यभिलषति सदा मासिकं चेतसीति ॥१॥

पु. १६. } वीर सं. २४४५—फाल्गुन आत्म सं. २३ } अंक ८ मो.

प्रकाशक—श्री जैन आत्मानन्द सभा—भावनगर.

## વિષયાનુક્રમણિકા.

| નંબર. | વિષય. | પૃષ્ટ. | નંબર. | વિષય. | પૃષ્ટ |
|---|---|---|---|---|---|
| ૧ | પ્રભુ સ્તુતિ.... ... ... | ૧૮૭ | ૬ | આત્મોપદેશ ... ... ... | ૧૯૭ |
| ૨ | કેટલાક પ્રાસ્તાવિક શ્લોકો... | ૧૮૮ | ૭ | જૈન સેવક સમાજની યોજના ... | ૧૯૮ |
| ૩ | જીવાનુશાસ્તિકુલક વ્યાખ્યા.. | ૧૯૦ | ૮ | અમારી નોંધ—સુચનાનો સત્કાર... | ૨૦૬ |
| ૪ | સત્ય મિત્રનાનું સ્વરૂપ ... | ૧૯૧ | ૯ | મારવાડમાં એક શુભ પગલું ... | ૨૦૭ |
| ૫ | જૈન કોમમાં કેળવણી વિષે બે પેપરના અભિપ્રાય... .. | ૧૯૬ | ૧૦ | પ્રકીર્ણ નોંધ ... ... ... | ૨૦૯ |
| | | | ૧૧ | શીખવાની ઉમર કઇ? ... ... | ૨૧૦ |

વાર્ષિક મૂલ્ય રૂ. ૧) ટપાલ ખર્ચ આના ૪.

આનંદ પ્રીન્ટીંગ પ્રેસમાં શાહ ગુલાબચંદ લલ્લુભાઇએ છાપ્યું—ભાવનગર.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## આ સભાના માનવંતા લાઇફ મેમ્બરોને ભેટ.

નીચેના ગ્રંથો આ સભાના લાઇફ મેમ્બરોને ભેટ આપવા માટે તૈયાર થયા છે, જેથી દરેક લાઇફ મેમ્બર બંધુઓને પોસ્ટેજ પૂરતા પૈસાનું વી. પી. કરી ચૈત્ર શુદ ૧૫ થી ભેટ મોકલવામાં આવશે જેથી તે સ્વીકારી લેશે તેવી નમ્ર સૂચના કરીયે છીયે.

૧ શ્રી ગુરૂગુણમાળા. મૂળ સાથે ભાષાંતર. ૨ શ્રી અધ્યાત્મમત પરિક્ષા.
૩ શ્રી સંવેગદ્રુમકંદલી " ૪ શ્રી શત્રુંજય મહાતીર્થ સ્તવનાવળી.
૫ શ્રી અક્ષયતપનિધિ.

મહાન્ યુદ્ધના પ્રસંગને લઇ છાપવાના કાગળો તથા છપામણી, બાઇડીંગ વિગેરેની મોંઘવારી છતાં પુસ્તક પ્રસિદ્ધિનું કાર્ય શરૂજ છે.

હવે પછી ઉપદેશ સાથે કથાનક ગ્રંથો કે જેના ભાષાંતરો થાય છે, તે છપાવવાનું કાર્ય શરૂ થશે. આ સભાનું પુસ્તક પ્રસિદ્ધિ કાર્ય સતત્ ચાલતું હોવાથી ઘણુા બહોળા પ્રમાણમાં ગ્રંથો છપાણા છે–છપાય છે. સભાસદોને ભેટ અપાણા છે–અપાય છે. એક નાની ગૃહ લાઇબ્રેરી થાય તેટલા ગ્રંથો અમારા માનવંતા લાઇફ મેમ્બરોને ભેટ અપાઇ ચુકેલ છે જેથી આ સભામાં લાઇફ મેમ્બર થઇ બીજા ધાર્મિક લાભો સાથે આ લાભ પણ લેવા જેવું છે.

---

## અમારા માનવંતા ગ્રાહકોને સૂચના.

### "શ્રી જ્ઞાનામૃત કાવ્યકુંજ."

શ્રી આત્માનંદ પ્રકાશના ગ્રાહકોને આ વર્ષે ભેટની બુકનો નિર્ણય થઇ ગયો છે. માસિકનું આ સોળમું વર્ષ ચાલે છે, જેને માત્ર ચાર માસ બાકી છે. આ વર્ષે ઉપરોક્ત નામનું પુસ્તક અમારા માનવંતા ગ્રાહકોને ભેટ આપવા માટે મુકરર થયું છે. દરવર્ષ કરતાં આ વર્ષની ભેટની બુક જેમ એક અપૂર્વ અધ્યાત્મજ્ઞાનની છે તેમ આ વર્ષે દરવર્ષ કરતાં વધારે મોટી થશે. જેની સવિસ્તર હકીકત હવે પછી આપવામાં આવશે.

---

## શ્રીસુસઢ ચરિત્ર ( પ્રાકૃત. )

ઉપરનો પ્રાકૃત પરંતુ સરલ અને ચરિત્રનો ગ્રંથ હાલમાં અમારા તરફથી પ્રસિદ્ધ થયો છે. સંસ્કૃત–પ્રાકૃતના અભ્યાસી માટે તે ઉપયોગી છે. કથા પણ રસિક છે. જોવે તેઓએ અમારી પાસેથી મંગાવવો. કિંમત સુદ્દલ કરતાં પણ ઓછી રાખવામાં આવી છે. કિંમત માત્ર બે આના પોસ્ટેજ જુદું.

---

## આ માસમાં દાખલ થયેલા માનવંતા સભાસદો.

૧ ડૉકટર વિઠ્ઠલદાસ જીવરાજ દોસી ભાવનગર M. B. B. S. વાર્ષિક મેમ્બર.
૨ શા. પરભુદાસ હરગોવનદાસ રે. ભાવનગર. "
૩ શા. દામોદરદાસ નાનજી રે૦ વંથલી હાલ મુંબઇ "
૪ બદાણી ચત્રભજ ધનજી. રે૦ ભાવનગર. "

---

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्री

# આત્માનન્દ પ્રકાશ.

इहहि रागद्वेषमोहाद्यभिभूतेन संसारिजन्तुना
शारीरमानसानेकातिकटुकदुःखोपनिपात-
पीडितेन तदपनयनाय हेयोपादेय-
पदार्थ परिज्ञानेयत्नो विधेयः॥

पुस्तक १६ ] वीर संवत् २४४५, फाल्गुन. आत्म संवत् २३. [ अंक ८ मो.

## श्री जिनेश्वर स्तुति.

મંદાક્રાંતા.

જેને જોઇ દૂર થઈ જતા પાપરૂપી શૃગાલો,
નાશી દૂરે કદિ ન ફરતા કર્મરૂપી ગજેંદ્રો;
ગાજે છે જે રવ કરી સદા ધર્મના બોધ કેરો,
ભીતિ ભાંગો ભવની જીન તે કેશરીસિંહ જેવા.

V.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# કેટલાક પ્રાસ્તાવિક શ્લોકો.

## પદ્યાત્મક ભાષાંતર સહિત.

લે૦ શા. શા. કુબેરલાલ અંબાશંકર ત્રિવેદી. ( ભાવનગર ).

( અનુસંધાન ગતાંક પૃષ્ઠ ૧૬૫ થી )

रे चित्त चिंतय चिरं चरणौ मुरारेः पारं गमिष्यति भवान् भवसागरस्य ।
पुत्रः कलत्रमितरे सुहृदः सहायाः सर्वं विलोकय सखे मृगतृष्णिकेव ॥

( સોરઠો )

ચિંતન કર ચિરવાર, પ્રભુ ચરણનું ચિત્ત તું;
ભવસિંધુને પાર, પામીશ એથી પલકમાં.
સુત દારા ને વિત્ત, સગાં સહોદર સુહૃદો;
ખોટાં જાણ ખચીત, મૃગ તૃષ્ણા જેવા સખે !

शास्त्रं सुनिश्चलधिया परिचिन्तनीय, माराधितोऽपि नृपतिः परिशंकनीयः ।
अङ्के स्थितापि युवतिः परिरक्षणीया शास्त्रे नृपे च युवतौ च कुतो वशित्वम् ॥

( દોહરો )

શાસ્ત્ર ભણેલા મનન વિણ, ભૂલી સાવ જવાય;
નૃપતિ આધીન હોય પણ, શંકા યોગ્ય સદાય.
ખોળે બેઠેલી છતાં, યુવતિ ન વશ્ય જરાય;
શાસ્ત્ર નૃપતિ ને યુવતિમાં, વશિત્વ ક્યાંથી થાય.

अहो नु कष्टः सततं प्रवासः ततोऽतिकष्टः परगेहवासः ।
कष्टाधिका नीचजनस्य सेवा ततोऽतिकष्टा धनहीनता च ॥

( વસંતતિલકા )

આપે અહો દુઃખ નિરંતરનો પ્રવાસ,
એથી અતિ દુઃખદ છે પરગેહ વાસ;
એના થકી દુઃખદ નીચની સેવ ભારી,
છે સર્વથી નિર્ધનતા બહુ દુઃખકારી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



एकोऽपि गुणवान् पुत्रो निर्गुणैः किं शतेन तैः ।
एकश्चंद्रो जगच्चक्षुर्नक्षत्रैः किं प्रयोजनम् ॥

( વસંતતિલકા )

સત્કર્મથી સકલ વંશ દિપાવનારો,
ઝાઝા કુપુત્ર કરતાં સુત એક સારો;
તારા ઘણા પણ પ્રકાશ ન લેશ આપે,
છે ચંદ્ર એક પણ તિમિર સર્વ કાપે.

यथा चतुर्भिः कनकं परीक्ष्यते निघर्षणच्छेदनतापताडनैः ।
तथा चतुर्भिः पुरुषः परीक्ष्यते ज्ञानेन शीलेन गुणेन कर्मणा ॥

( મનહર )

કસોટી કાઢીને કાપો તપાવીને ટીપો પછી,
કનક પરીક્ષા એમ ચાર રીતે થાય છે;
પુરૂષ પરીક્ષા પણ એવી રીતે જગતમાં,
ચાર ઉપાયથી કરી સ્હેલથી શકાય છે;
જ્ઞાન જોવું શીલ જોવું સદ્ગુણો જોવાય પછી,
પછી જોવું કામ તેના થકી કેવાં થાય છે;
એ ચારેમાં ઉત્તમ જણાય જો ઉત્તમ કો માનવી તો,
સો ટચના સુવર્ણની તુલ્ય તે ધરાય છે.

अहंकारो धियं ब्रूते मा सुप्तं प्रतिबोधय ।
उत्थिते परमानन्दे न त्वं नाहं न वै जगत् ॥

( ભુજંગી છંદ )

કહે છે અહંકાર હે બુદ્ધિ નારી,
સુતેલા પતિને જગાડો ન પ્યારી;
કદી ઉઠશે સચ્ચિદાનંદ એહ,
રહેશે ન તું જગ્ત કે મુજ દેહ.

( ચાલુ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# જીવાનુશાસ્તિ કુલક—વ્યાખ્યા.

## ( મુગ્ધ જીવને ખાસ બોધદાયક )

૧ અરે જીવ ! જલ મધ્યે અરહટ્ટ ઘટમાળાની જેમ આ ચાર ગતિરૂપ અપાર—અગાધ સંસારસાગરમાં તું અનંતો કાળ ભ્રમણ કરી ચૂકયો તેમ છતાં હજુ કેમ બૂઝતો નથી ?

૨ અરે જીવ ! અન્ય સંયોગ તો તને નિમિત્ત માત્ર મળે છે. બાકી તો પૂર્વે કરેલાં કર્મોનું આ બધું અશુભ પરિણામથી ઉત્પન્ન થયેલું ફળ છે એમ તું ત્હારા દીલમાં વિચારે છે—ચિન્તવે છે—સમજે છે ?

૩ અરે મૂઢ જીવ ! તું અન્ય જનને દુષ્કર્મથી ભરેલો વિપરીત ઉપદેશ કરે છે. દુર્ગતિમાં જવાની ઇચ્છાવાળાને આવોજ દુષ્ટ પરિણામ હોય છે.

૪ અરે બાળ જીવ ! તું કાન દઇને સાવધાનપણે મ્હારૂં હિત—વચન સાંભળ. તું સુખ—સંતોષ પામતો નથી તેથી મ્હને ખાત્રી થાય છે કે તું ધર્મ—પુન્યસંપદાથી રહિત છો. ધર્મ સાથેજ સુખસંપદા આવી મળે છે.

૫ અરે જીવ ! પારકી ઋદ્ધિ—સિદ્ધિ દેખીને તું ( ફોગટ ) ખેદ—સંતાપ ન કર. ધર્મ—પુન્ય રહિત પ્રાણીને વિવિધ—જાત જાતની સંપદા કયાંથી સાંપડે ?

૬ અરે જીવ ! જોબન, ધન અને જીવિત ( જોતજોતામાં ) ખૂટી જતું તું શું નથી જોતો ? જોવે છેજ. તેમ છતાં આત્માને હિત—શ્રેય—કલ્યાણ—મંગળકારી એવા સર્વજ્ઞ વીતરાગ ભાષિત ધર્મને તું શીઘ્ર કેમ નથી આદરતો ?

અરે જીવ ! સ્વમાન અને સાહસ રહિત ( Devoid of Self–Respect & Enterprise ) દીન—રાંક જેવો નમાલો અને લાજ—શરમ વગરનો બની તું નીરાંતે કેમ કાયર થઇ બેઠો છે ? ધર્મમાર્ગમાં કેમ ઉદ્યમ કરતો નથી ?

૮ અરે જીવ ! સદ્ઉદ્યમ યા પુરૂષાર્થ સેવ્યા વગર ( પૂર્વપુન્ય યોગે મળેલો ) મનુષ્યજન્મ નકામો ગયો. યૌવન પણ વીતી ગયું. ( તે દરમીયાન ) ત્હેં ઉગ્ર તપ—ધર્મ પણ કર્યો નહિ અને શ્રેષ્ઠ ( ન્યાયયુક્ત ) લક્ષ્મી પણ મેળવી નહિ. ( 'ન મળ્યા રામ અને ન મળ્યા દામ ' તેના જેવું ત્હેં કર્યું. બંનેથકી ચૂકયો. ત્હેં ત્હારો અમુલ્ય સુવર્ણ જેવો સમય ગુમાવી દીધો. હજીપણ શેષ જીવિત રહ્યું છે તેટલામાં ચેતી લેવાય તો સારૂં એમ જણાવે છે. )

૯ અરે મુગ્ધ જીવ ! પારકા સુખ સામે જોતાં જોતાં ત્હારો આટલો બધો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કાળ નકામો નથી ગયો શું ? તેમ છતાં જ્યારે ત્હને ઇચ્છિત સુખ મળ્યું નહિ તો હવે ખડગની ધારા જેવું સખ્ત વ્રતનું તું સેવન કર.

૧૦ વળી ત્હારી ( ખરી–આંતર–વાસ્તવિક ) લક્ષ્મી પરને આધીન છે એમ તું મનથી માનતો નહિ, પણ ત્હારામાં–સત્તામાં સાચી ઝવેરાત, જ્ઞાનદર્શન ચારિત્રાદિક ગુણનિધાન આબાદ રહેલ છે તેની તું પ્રતીતિ–વિશ્વાસ રાખજે અને તે પ્રાપ્ત કરી લેવાનો ઉપાય પણ ત્હારા હાથમાં–સ્વાધીન છે, એટલા માટે આદર સહિત વ્રતનો સ્વીકાર કર અને અનેક પ્રયત્નો કરીને તે આદરેલાં વ્રત–નિયમોનું સારી રીતે પાલન કરતો રહે એજ ત્હારા અભ્યુદયનો અકસીર ઉપાય છે.

૧૧ જીવિત, મરણ સાથે અને યૌવન, જરાઅવસ્થા સાથેજ ઉપજે છે એટલે તેમનો આપસમાં બહુ ગાઢ સંબંધ રહેલો છે. ખોબામાં રહેલા જળની જેમ ક્ષણે ક્ષણે આવખું ખૂટતુંજ જાય છે, એ ન્યાયે જીવિત સાથેજ મરણ સર્જાયેલું સમજવું. અને યૌવનનો ચાર દિવસનો ચટકો પતંગીયારંગની જેવો ક્ષણિક દેખાવ માત્ર હોવાથી તેના ઉપર વિશ્વાસ રાખી બેસનાર ઠગાઇ જાય છે. જોતજોતામાં યૌવનનો રંગ ઉડી જાય છે અને જરાઅવસ્થા દાખલ થઇ પોતાનો જમાવ કરે છે. અથવા ' **जरा वयो हानिः** ' જેટલું વય–જીવિત ઓછું થયું તેટલી જરા આવી–દાખલ થઇ સમજવી. આ ન્યાયે પણ યૌવનનો વિશ્વાસ રાખવો યોગ્ય નથી; પણ તેવે વખતે શરીરમાં સારૂં જોમ–બળ–વીર્ય હોવાથી બની શકે તેટલું સુકૃત–પરભવનું ભાતું કરી લેવુંજ વ્યાજબી છે. પછી જ્યારે જરા આવી, વ્યાધિ વધ્યો અને ઇન્દ્રિય બળ ઘટયું ત્યારે ધર્મસાધન કરવું દુર્લભ. પાણી પહેલાંજ પાળ બાંધવી ભલી. જીવિત અને જરાની પેરે લક્ષ્મી પણ ચપળ–અસ્થિર હોવાથી તેનો વિનાશ થઇ જતાં વાર લાગે નહિ; તેથી તેના લાભ હાનિ પ્રસંગે હર્ષ ખેદ નહિ કરતાં સાક્ષીભાવે યા સમભાવે રહેવું અને બને તેટલો તેનો સારો ઉપયોગ થવા દેવો. ઇતિશમ.

લે૦—મુનિરાજશ્રી કર્પૂરવિજયજી મહારાજ.

# સત્ય મિત્રતાનું સ્વરૂપ.

લે૦—વિઠ્ઠલદાસ મૂળચંદ શાહ. બી. એ. ( ભાવનગર. )

"Oh, friendship ! of all things the most rare, and therefore most scarce because most excellent, whose comforts in misery are always sweet, and whose counsels in prosperity are ever fortunate " Lilly.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



( સર્વ વસ્તુઓમાં મૈત્રી અતિશય સુંદર છે, અને તેથી અતિ વિરલ છે. સંકટના સમયમાં તેના દિલાસા હમેશાં મિષ્ટ છે અને સંપત્તિના સમયમાં તેની શિખામણો હમેશાં હિતકારક છે. ) લિલિ.

**तन्मित्रमापदि सुखे च समक्रियं यद् ।**

( જે સુખ દુ:ખમાં સમક્રિય રહે છે તેજ ખરો મિત્ર છે. )

મીઠા, સત્યનિષ્ટ અને સહાયક મિત્રો હોવાના અભિજ્ઞાન કરતાં જગત્‌માં કોઇ વસ્તુ વિશેષ સુંદર અને આનંદપ્રદ છે ? જે મિત્રોની સ્નેહ–ભકિત સંપત્તિ કે વિપત્તિમાં સમાન રહે છે, અને જે મિત્રો સંપત્તિના સમય કરતાં વિપત્તિના સમયમાં વિશેષ ચાહે છે એવા મિત્રો હોવા તે, ખરેખર, સદ્‌ભાગ્યનું ચિહ્ન છે. શાસ્ત્રકારે પણ તેમ કહેલું છે.

સીવીલ વૉર વખતે અમેરિકાના પ્રેસિડન્ટ થવા માટે ઉમેદવાર તરીકે લિન્કનનું નામ જણાવવામાં આવ્યું તે સમયે કોઇએ કહ્યું કે “ લિન્કન પાસે કાંઇ નથી, માત્ર પુષ્કળ મિત્રો છે. ” એ વાત સત્ય છે કે લિન્કન અત્યંત ગરીબ હતો, માનનીય દેખાવ ધારણ કરવાને કપડાં ખરીદવા માટે તેને પૈસા કોઇ પાસેથી ઉછીના લેવા પડયા હતા, અને ઉચ્ચપદનો સ્વીકાર કરવા માટે તેને પચાસ ગાઉ પગે ચાલવું પડયું હતું. વળી એ પણ ઐતિહાસિક સત્ય છે કે તેને પ્રેસિડન્ટ તરીકે નિયુકત કરવામાં આવ્યો ત્યારપછી તેના કુટુંબને વૉશીંગ્ટન લઇ જવા માટે તેને પૈસા ઉછીના લેવા પડયા હતા; પરંતુ આ અદ્‌ભુત શકિત ધરાવનાર પુરૂષ મિત્રોના સંબંધમાં ભાગ્યશાળી અને સંપત્તિવાન્ હતો.

મિત્રો એક પ્રકારના ભાગીદાર છે. જેનાથી પોતાના મિત્રનું હિત થતું હોય તેમાં સાચા મિત્રો અંત:કરણથી ભાગ લે છે; જીવનમાં પોતાનો મિત્ર વિજયી થાય તે માટે તેને મદદ કરવાને નિખાલસ દિલથી યત્ન કરે છે, પોતાનો મિત્ર જે કાર્ય સાધવાને પ્રયત્નશીલ હોય છે, તેમાં મદદગાર બને છે અને પોતાના મિત્રને જે લાભ થાય છે તેનાથી તેનું હૃદય આનંદિત બને છે. મિત્રોની સ્નેહ–ભકિત કરતાં વિશેષ ઉદાત, ઉન્નત અને મનોહર કોઇ વસ્તુ હોવાનો સંભવ નથી.

અમેરિકાનો મર્હુમ પ્રેસિડન્ટ થિયોડોર રૂઝવેલ્ટ શકિતવાન અને ઉત્સાહિ મિત્રોની સાહાય્ય વગર માત્ર પોતાની સર્વ અદ્‌ભુત શકિત વડે મહાન કાર્યો સાધી શકત કે કેમ એ શંકાયુકત છે. ખાસ કરીને વિદ્યાર્થી અવસ્થામાં તેણે જે મિત્રો કર્યા હતા તેની સાહાય્ય વગર તે પ્રેસિડન્ટની ઉચ્ચતમ પદવી પ્રાપ્ત કરી શકત નહિ એ નિ:સંદેહ છે. જ્યારે તે પ્રેસિડન્ટની અને ન્યુયૉર્કના ગવર્નરની પદવી માટે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉમેદવાર તરીકે બહાર પડયો હતો ત્યારે તેના હજારો સહાધ્યાયી મિત્રો તેને તે માનદ પદવીથી વિભૂષિત કરવા માટે સખત પ્રયાસ કરી રહ્યા હતા. પ્રેસિડન્ટની પસંદગી વખતે તેના મિત્રો તરફથી તેને પસંદ કરવા માટે હજારો મત આવ્યા હતા.

આપણું સર્વદા શ્રેય ઈચ્છનાર, આપણા માટે અહોનિશ કાર્ય કરનાર, દરેક પ્રસંગે આપણા માટે સારો અભિપ્રાય આપનાર, આપણને ઉત્તેજીત કરનાર, આપણને સન્માર્ગે જોડનાર, આપણી ગેરહાજરીમાં આપણા વતી બોલનાર, આપણા દૂષણોને અને નિર્બળતાને ઢાંકનાર, આપણને હાનિ પહોંચાડનાર અસત્ય બાબતોનો ઉચ્છેદ કરનાર, આપણને સુધારવાને સતત યત્ન કરનાર, આપણા પર થતા આક્ષેપોનો બચાવ કરનાર, આપણને સહાયભૂત થવાને અને પ્રોત્સાહન આપવાને હમેશાં કંઈક કરનાર, અને છેવટે ધર્મમાં નિયુકત કરનાર ઈત્યાદિ મિત્રો હોવાના અહોભાગ્યનો વિચાર કરો ! જો આપણને સાચા મિત્રોની સંપ્રાપ્તિ ન થઇ હોત તો આપણે ઘણાં ઓછાં કાર્યો કરી શકત. લોકોની પરિવાદાત્મક ટીકાઓનો આપણા મિત્રોએ પ્રતિકાર ન કર્યો હોત તો આપણી કીર્તિ કલંકિત અને દૂષિત થાત. આપણા સુહૃદવર્ગે ગ્રાહકો ન મોકલ્યા હોત અને ઉપયોગી સલાહ આપી આપણા વ્યાપારમાં સાહાય્ય ન કરી હોત તો આપણી આર્થિક ઉન્નતિમાં પણ કંઇક અંશે ન્યૂનતા આવત.

આપણી નિર્બળતાનું, આપણા દૂષણોનું અને વિચિત્ર જાતિસ્વભાવનું ગોપન કરવા આપણા મિત્રો કેવી સરસ રીતે મથે છે ! પોતાના મિત્રોના દૂષણો છુપાવવાને, અવિચારિ અને હૃદયશુન્ય પુરૂષોની કર્કશ ટીકામાંથી પોતાના મિત્રનું રક્ષણ કરવાને અને પોતાના મિત્રની નિર્બળતા છુપાવી તેના સદ્ગુણો પ્રકટ કરવાને યત્ન કરતા મનુષ્યને જોઇએ છીએ ત્યારે અકથ્ય આનંદનો અનુભવ થાય છે. આવા મનુષ્યની પ્રશંસા કર્યા વગર કોઈ પણ રહી શકતું નથી; કેમકે સહુ કોઇ જાણે છે કે તે મિત્રપદને શોભાવે એવો એક ખરેખરો સુહૃદ છે. જગત્માં સન્મિત્રપદ કરતાં કોઈ પણ વસ્તુ વિશેષ પવિત્ર નથી. બીજાની કીર્તિ આપણા હાથમાં છે તેનો અર્થ આપણામાંના ભાગ્યેજ થોડા લોકો સમજી શકે છે. અન્ય વ્યકિત વિષે આપણે જે અનુમાન અથવા અભિપ્રાય બાંધીયે છીયે તેને તે વ્યકિતના જય અથવા પરાજય, યશ અથવા અપયશની સાથે નિકટ સંબંધ રહેલો છે. જે આક્ષેપો તરફ આપણે દુર્લક્ષ રહીએ તે કદાચ તેની કીર્તિને જીવન પર્યંત કલંકિત અને મલીન કરી મૂકે.

જે માણસે સ્વમાન અને આત્મ–સંયમ ગુમાવ્યા છે, જે પશુની સપાટી સુધી અધોગત થયો છે તેવા મનુષ્યને એક સાચા સુહૃદની પ્રાપ્તિથી કેવો લાભ થાય છે તે વિચારણીય ઘટના છે. જ્યારે આપણા સ્વમાન અને આત્મ-સંયમ નષ્ટ થાય છે, ત્યારે આપણો ત્યાગ ન કરતાં આપણને દ્રઢતાથી વળગી રહે છે એજ સાચો સુહૃદ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એક મનુષ્ય મદિરાપાનના વ્યસનને અને સર્વ પ્રકારના વિષયને એટલો બધો આધીન થઇ ગયો હતો કે તેના કુટુંબી જનોએ ઘરમાંથી તેનો બહિષ્કાર કર્યો. તે આવી સંસ્થિતિમાં મુકાયો છતાં તેના એક મિત્રે તેના તરફ પોતાનો મિત્ર તરીકેનો ધર્મ કેવી રીતે બજાવ્યો તે વૃત્તાંત જાણવા યોગ્ય હોવાથી અત્ર આપવામાં આવે તો તે અસ્થાને નહિ ગણાય. તેના માતા, પિતા, પત્ની અને બાળકોએ તેનો પરિત્યાગ કર્યો તે સમયે પણ ઉકત મિત્ર તો તેના તરફ અનુરકતજ રહ્યો. તે રાત્રિ દિવસ અનેક મુશીબતો વેઠીને તેની પાછળ પાછળ ભમતો અને અનેક વખત તે મદિરાપાનથી ઉન્મત્ત દશામાં હોય ત્યારે તેને મૃત્યુના પંજામાંથી બચાવી લેતો. હજારો વખત આ મિત્ર ઘરબાર ત્યજી તેને વેશ્યા ગૃહોમાં શોધતો અને તેની જીંદગીનું આપત્તિમાંથી રક્ષણ કરવા પોતાથી બનતું કરતો. અંતે આ અપ્રતિમ સ્નેહ અને મિત્ર-ભકિતએ તે અધોગત મનુષ્યનો ઉદ્ધાર કર્યો અને શિષ્ટાચારથી સમન્વિત થવાથી કુટુંબી જનોએ તેનો પુનઃ સ્વીકાર અને સત્કાર કર્યો. આ પવિત્ર સ્નેહ અને ભકિતની કિંમતનું કદિ માપ થઈ શકે ?

આપણામાંના ઘણાખરા લોકોના જીવનમાં એક સાચો મિત્ર કેટલું પરિવર્તન કરી શકે છે ? અનેક સ્વકર્તવ્યપરાયણ મિત્રોએ અનેક મનુષ્યોને નિરાશ થતા અને કાર્યસિદ્ધિ માટે યત્ન ત્યજી દેતા અટકાવ્યા છે. "અમુક વ્યક્તિ મને ચાહે છે, અમુક વ્યક્તિને મારામાં વિશ્વાસ છે." એ વિચારે અનેક સ્ત્રીપુરૂષોને આત્મઘાત કરતા અટકાવ્યા છે. પોતાના મિત્રોની અવગણના કરવા કરતાં અને તેઓને હતાશ કરવા કરતાં ઘણા લોકોએ પીડા, દુઃખો અને વિટંબનાઓ સહન કરવાનું પસંદ કર્યું છે. એક મિત્રના સ્નિગ્ધ શબ્દમાંથી ઉત્સાહનું જે સ્ફુરણ થાય છે તે અનેક મનુષ્યોના જીવનમાં મહાન પરિવૃત્તિ કરનાર થઇ પડે છે. જેઓ પોતાનાપર અદ્વિતીય સ્નેહની લાગણી ધરાવે છે, જેઓ પોતાનાપર સંપૂર્ણ વિશ્વાસ રાખે છે, અને અન્ય લોકોને દર્શનાતીત એવું કંઇક જેઓને પોતાની અંદર દૃગ્ગોચર છે એવા
...રેખરા મિત્રોની ખાતર કાર્ય સિદ્ધ કરવાની આશામાં ઘણા મનુષ્યો અનેક પ્રકા-
... અને અનેક પ્રકારના અપવાદો સહન કરે છે.

... એક પ્રકારનું સતત અને ચિરસ્થાયી પ્રોત્સાહન છે.
...ત થાય છે કે આપણા મિત્રોને આપણામાં વિશ્વાસ છે ત્યારે
... યથામતિ પ્રયાસ કરવાને પ્રેરાઇએ છીએ અને પ્રોત્સાહિત થઇએ
... વિદ્વાન સિડનીસ્મિથ કહે છે કે–" Life is to be fortified by
...ndships. To love and to be loved is the greatest
નઃસંદેહ છે. જે...f existence " ( જીંદગીને ઘણા મિત્રોરૂપી દુર્ગથી પરિવૃત્ત કરવી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જોઇએ. અન્ય લોકોપર પ્રીતિ રાખવી અને અન્યના પ્રીતિભાજન થવું એજ જીંદગીનું ઉત્કૃષ્ટ સુખ છે. )

ધંધાનો આરંભ કરવામાં દ્રવ્યની જેટલી અગત્ય છે તેટલીજ પુષ્કળ મિત્રોની પણ છે. જેઓ અત્યારે ફતેહમંદ નીવડ્યા છે તેઓએ એક મિત્રના ઉત્તેજનના અભાવે જીવનના કોઇ વિષમ પ્રસંગે સર્વ પ્રયાસ ત્યજી દીધો હોત. આપણા મિત્રોએ આપણા માટે જે કર્યું છે તેનાથી જો આપણને રહિત કરવામાં આવે તો આપણું જીવન કેવળ શુષ્ક અને નિરસ બની જાય એમાં સંદેહ નથી. તમે કોઈપણ કાર્યની અથવા ધંધાની શરૂઆત કરવા માંગતા હો તો કર્તવ્યનિષ્ટ મિત્રો હોવાની કીર્તિ તમને એક મહાન અવલંબનરૂપ થઈ પડશે, અને તમારા પ્રતિ ગ્રાહકોને આકર્ષી લાવશે. એક વિદ્વાને કહ્યું છે કે–" Destiny is determined by friends " ( મિત્રો ભાગ્યને નિશ્ચિત કરનાર–ઘડનાર છે. ) જેઓ જીવનમાં વિજયવંત નીવડ્યા છે અને પોતાના મિત્રવર્ગમાં અત્યંત સન્માનને પાત્ર બન્યા છે એવા લોકોના જીવનનું પૃથક્કરણ કરીયે અને તેઓના વિજયનું રહસ્ય શોધી કાઢીયે તો તે બોધક, વિનોદકર અને હિતાવહ થઇ પડશે.

એક મનુષ્યના સંબંધમાં આવું પૃથક્કરણ કરવાનો મેં યત્ન કર્યો છે. એ મનુષ્યના જીવનનો મેં દીર્ઘ સમય પર્યંત અભ્યાસ કર્યો છે. એ ઉપરથી મારી દૃઢ માન્યતા થઈ છે કે તેના વિજયના વીશ ટકા મિત્રો કરવાની તેની અદ્ભુત શક્તિને આભારી છે. બાલ્યવયથીજ તેણે મિત્રો કરવાની શક્તિને ઘણી ખંતથી કેળવી છે અને તેને લઇને તે લોકોને તેના પ્રતિ એવા ઉત્સાહથી આકર્ષે છે કે તેને પ્રસન્ન કરવાને તેઓ ગમે તે કાર્ય કરવા તૈયાર હોય છે. જ્યારે આ માણસે તેના જીવનની શરૂઆત કરી ત્યારે તેના સહાધ્યાયીઓની મિત્રતા તેને ઉચ્ચ પદવીએ સ્થિત કરવામાં ઉપયુક્ત થઇ પડી, એટલુંજ નહિ પરંતુ તેનાથી તેની ખ્યાતિમાં અગણિત વૃદ્ધિ થઇ. બીજા શબ્દોમાં કહીએ તો તેની નૈસર્ગિક શક્તિમાં તેના અસંખ્ય મિત્રોની સાહાય્યથી અનેક ગુણ વૃદ્ધિ થઈ. તે જે કંઈ કાર્ય કરવા ઇચ્છે છે તે માટે તેઓનું અંતઃકરણપૂર્વક ઉત્સાહપૂર્ણ અનુમોદન મેળવવાની તેનામાં વિલક્ષણ અને ચમત્કારિક શક્તિ છે; જેને પરિણામે તેઓ હમેશાં તેનું શ્રેય સાધવાને અવિરત પ્રયત્નો કર્યા કરે છે.

પોતાના મિત્રોને ઘણા થોડા મનુષ્યોજ ઘટતું માન આપે છે. ઘણાખરા વિજયી નિવડેલા મનુષ્યો તો એમજ ધારે છે કે અમારી અતુલ શક્તિને લઈને અમે વિજયી નિવડ્યા છીએ, અમે લડ્યા છીએ અને જય મેળવ્યો છે. આવા મનુષ્યો પોતાના આશ્ચર્યભુત કૃત્યોની નિરંતર અહંકારોક્તિ કર્યા કરે છે. તેઓ પો-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તાનાજ ચાતુર્ય ઉપર, કુશાગ્રબુદ્ધિત્વ ઉપર, વૈદગ્ધ્ય ઉપર, અને પ્રગતિમાન થવાની પોતાની શક્તિ ઉપર પોતાના વિજયનો નિક્ષેપ કરે છે, અર્થાત્ તેઓ તે સર્વ વસ્તુઓનેજ પોતાના વિજયના કારણભૂત માને છે. તેઓને બુદ્ધિગત નથી હોતું કે પ્રત્યેક પ્રસંગે અનેક મિત્રોએ તેઓને અતુલ સાહાય્ય કરી છે. ( અપૂર્ણ. )

## " સોશ્યલ સર્વીસ કવૉર્ટર્લી " ના ઑક્ટોબર માસના અંકમાં " જૈન કોમમાં કેળવણી " વિષે અધિપતિની નોંધ.

કેળવણીના સંબંધમાં જૈન કોમની આધુનિક શોચનીય પરિસ્થિતિ સુધારવાને કોમના હિતચિંતકોને શ્રીયુત નરોત્તમદાસ. બી. શાહે એક વિજ્ઞપ્તિ કરી છે. જો કે કોમના પુરૂષોમાં ભણેલાઓની સંખ્યા પચાશ ટકા જેટલી છે, તો પણ સ્ત્રી કેળવણીએ જોઇએ તેવી પ્રગતિ કરી નથી; અને છેલ્લામાં છેલ્લા આંકડાઓપરથી માલૂમ પડે છે કે ભણવા લાયક વયની કન્યાઓમાંથી પાંચ છ ટકા જ શાળામાં અભ્યાસ કરે છે. શ્રીયુત શાહે જાણવા જોગ અને ધ્યાન ખેંચે એવી એક બાબત એ જણાવી છે કે શાળાઓમાં અભ્યાસ કરતી સખ્યાનું પ્રમાણ સંતોષપ્રદ છે, પરંતુ પોતાનો અભ્યાસ આગળ ચાલુ રાખનારાઓની સંખ્યા નિરાશાજનક છે. પ્રાથમિક શાળાઓના વિદ્યાર્થીઓમાંથી માત્ર ૧૩ ટકા માધ્યમિક શાળામાં અભ્યાસ કરે છે અને કોલેજમાં અભ્યાસ કરનાર માત્ર એક ટકો જ નીકળે છે. મુંબઇ ઇલાકામાં હિંદુસ્તાનના જૈનોની કુલ વસ્તીમાંથી ચાલીશ ટકા જૈનો વસે છે. શ્રીયુત શાહે આ ઇલાકાના જુદા જુદા જીલ્લાઓમાંની કોમની કેળવણી વિષયક પરિસ્થિતિનું પૃથક્કરણ એક કોઠામાં કર્યું છે, જેમાં જુદા જુદા જીલ્લામાં જૈનોની વસ્તીના આંકડા આપ્યા હોત તો તે વિશેષ ઉપયોગી અને કિંમતી થઇ પડત. જૈન કોમ ઉત્સાહિ અને દ્રવ્યસંપન્ન છે એ વાર્તા સુપ્રસિદ્ધ છે અને તેથી તેણે કેળવણીના વિષયમાં પશ્ચાત રહેવું જોઇએ નહિ. ઉકત કોમના નેતાઓ શ્રીયુત શાહના વિનંતિપત્ર પર ગંભીર વિચારણા ચલાવશે એવી અમોને દૃઢ આશા છે.

## " ઇન્ડિયન સોશ્યલ રિફૉર્મર " માં ( ૨૯—૯—૧૯૧૮ ) જૈન કોમમાં કેળવણી વિષે લેવાયલી નોંધ.

જૈન કોમમાં શ્રીયુત નરોત્તમદાસ. બી. શાહ એક લાયક, ખંતીલા અને ઉત્સાહિ કાર્ય કરનાર છે. કોમને લગતા સામાજીક પ્રશ્નોના તેમના અભ્યાસ સંબંધી અમે થોડા માસ પહેલાં કિંમતી ઉલ્લેખ કર્યો હતો. જૈનોની કેળવણી વિષ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



યક પરિસ્થિતિનું દિગ્દર્શન કરાવનાર એક પત્રિકા તેમના તરફથી હમણાં પ્રકટ થયેલ છે. હિંદુસ્તાનમાં જૈનોની કુલ વસ્તી ૧૩ લાખની ગણી શકાય, જેનો લગભગ ત્રીજો ભાગ સરકારી જીલ્લાઓમાં વસનારો છે અને બાકીનો ભાગ દેશી રાજ્યોમાં વસે છે. મુંબઈ ઇલાકામાં અને તેના દેશી રાજ્યોમાં આખા હિંદુસ્તાનના જૈનોમાંથી સુમારે ચાલીશ ટકા જૈનો વસે છે, અને તેથી ઉક્ત ઇલાકો તેઓનું મુખ્ય કેન્દ્ર ગણાય છે. જીંદગીનું જોખમ ન ખેડવું પડે એવા વ્યાપારમાં મુખ્યત્વે કરીને કોમના લોકો જોડાયલા હોવાથી તેઓમાં ભણેલાઓનું પ્રમાણ વિશેષ હોય તો તે સ્વાભાવિક છે. તેમજ શાળાઓમાં અન્ય જ્ઞાતિઓના બાળકો કરતાં જૈન કોમના બાળકોનું મોટું પ્રમાણ જોવામાં આવે છે; પરંતુ શ્રીયુત નરોત્તમદાસ સ્પષ્ટતઃ જણાવે છે કે ઘણા થોડા બાળકો પ્રાથમિક શાળાઓમાંથી આગળ અભ્યાસ ચાલુ રાખે છે. વળી શાળાઓમાં અભ્યાસ કરતી કન્યાઓનું પ્રમાણ અત્યંત અલ્પ છે. મુંબઇ ઇલાકાના કેળવણી ખાતાની સ્તુત્ય સાહાય્યથી તેમણે જે આંકડાઓ રજુ કર્યા છે તેનાથી કોમના કેળવણી વિષયક પ્રશ્નોપર અતિશય અજવાળું પડે છે. આ વસ્તુસ્થિતિપર વિચારણા કરવાને અને પોતાના સ્વધર્મી બંધુઓમાં ઉચ્ચ કેળવણીનો વિશેષ પ્રચાર કરવા માટે યોગ્ય ઉપાયો યોજવાને શ્રીમાનોને તમણે કરેલી અરજને અમે અંતઃકરણપૂર્વક અનુમતિ આપીએ છીએ.

# આત્મોપદેશ.

રચનાર—રા. રા. "પહુગુણ" (ભાવનગર)

### વસન્તતિલકા.

હે જીવ ! આ જગતમાં સુખ શું ત્હને છે ? કે મૃત્યુનું ભય હમેશ ત્હને રહે છે ?
આજે શતાબ્દ[1] પછી વા જન મૃત્યુ પામે, તોયે તું પાપ કરતાં ક્યમ ના વિરામે ?
જાયે અરે ! પ્રિય જનો તુજ દૃષ્ટિ પાસે, કાં મોહ તોય વધતો તુજને વિશેષે ?
કાં મ્હારૂં ત્હારૂં કરીને શિર તું કુટે છે ? તું જીવમત્સ્ય[2] જગજાળ વિષે ફસ્યો છે.
સુધા[3] ગણી વિષ[4] અરે શઠ ! તું ત્યજે છે, હાલાહલે[5] અમૃત માની તું તે ગૃહે છે;
જેનું હરે સ્મરણ સૌ મરણાધિ વ્યાધિ, તે ઇશ નામ તુજને દિસતું ઉપાધિ.
આ દેહ ભસ્મીભૂત જે તું જતાં થવાનો, તેને ગણે નિજ[6] અરે ! તું ખરો દિવાનો;
રે, મોક્ષદ્વારતણી સ્ત્રી દૃઢ અર્ગલા[7] છે, હા શુશ્રૂષા[8] કરછ તેની તું દાસ પેઠે.

૧ સો વર્ષ. ૨ જીવરૂપી માછલી. ૩ અમૃત. ૪ ઝેર. ૫ ઝેરને. ૬ પોતાનો. ૭ આગળીયો.
૮ સેવા.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રે, દ્રવ્યને પરમ ઇશ ગણી પૂજે છે, તે માટ શ્વાનવત્[૯] સેવક થઇ રહે છે;
ઇશાભિધાન[૧૦] રૂપ જે મણિમાલિકા[૧૧] છે, તે તો ત્હને સરપતુલ્ય સદા દીસે છે.
ઘાણીતણા બળદપેઠ ફર્યા કરે છે, નિવૃત્તિ એક ક્ષણની પણ ના ત્હને છે;
આ ત્હારૂં જેમ વય વૃદ્ધિ વિશેષ પામે, તૃષ્ણા અરે ! તરૂણ તેમ થતી જણાયે.
વિચાર યાર ! હજી ખ્વાર નથી થયો ત્યાં, આ મૃત્યુલોકમહિં અમ્મર કોણ છે રે ?
જો, કાળના સરવ ચાવણું થઇ ગયા છે, મિથ્યા[૧૨] તું તો જગતમાં કયમ મુગ્ધ[૧૩] થયો છે?
અજ્ઞાન્ધકાર ગુરૂસૂર્યથી કાઢ દૂર, પાટા અરે ! વિષયના દૂર ફેંક શૂર;
વૈરાગ્ય અમૃત તું સિંચ હૃદે[૧૪] મુદેથી[૧૫], જેથી છુટે જનમ મૃત્યુતણા દુઃખેથી.
સદ્ધર્મી હું કહીં બધિર[૧૬] કરેછ કર્ણ[૧૭], ત્હારો પરંતુ સદ્દ્ધર્મ દીસે સુવર્ણ[૧૮];
આનન્દ સત્ ચિત્ બધું વસુમાં[૧૯] રહ્યું છે, દંભાર્થ[૨૦] કેવળ વિરકત દશા[૨૧] ગ્રહી છે.
જ્યારે તું પાપ કરતો પ્રભુથી ન બ્હીતો, જો પુણ્ય થાય કદી તો વધતું અહંત્વમ્[૨૨];
દંભ પ્રપંચ ત્યજ ભાઈ ! હવે ભલો થૈ, નીતિથી ચાલ પ્રભુની ભીતિ[૨૩] રાખીને કેં.

# જૈન સેવક સમાજની યોજના.

## A Scheme of the Servants of Jain's Society.

**લખનાર રા. માવજી દામજી શાહ**, ધાર્મિક શિક્ષક, બાબુ પી. પી. જૈન હાઇસ્કુલ, મુંબઇ.

**સમાજની પ્રગતિ અર્થે સેવકો ઉત્પન્ન થવાની જરૂર.**

આ જમાનામાં નથી એમ કોણ કહેશે ? જેઓએ સમાજ શાસ્ત્રનો અભ્યાસ કર્યો છે. સમાજમાં પ્રવેશેલા ગુણ દોષનું નિરીક્ષણ કર્યું છે, ટુંકામાં, સમાજની અધોગતિ જ્યારે દૃષ્ટિગોચર થતી હોય ત્યારે તેને ઉચ્ચદશાએ લઈ જવાને જેઓ પ્રયત્નશીલ રહેતા હશે, તેઓ તો હિંમતપૂર્વક કહી શકશે જ કે હાલના જમાનામાં સમાજની પ્રગતિ અર્થે સેવકો ઉત્પન્ન થવાની જરૂર છે. હિંદના સાચા પુત્ર સ્વ. મહાત્મા ગોખલેને જ્યારે લાગ્યું કે, હિંદમાં સામાજિક સડાએ પ્રવેશ કર્યો છે, ત્યારે સામાજિક વિષયનો ઉંડો અભ્યાસ કરી-સમાજ વિષયક વિવિધ પ્રશ્નોમાં ઉંડા ઉતરી-તદ્વિષયક તલસ્પર્શીજ્ઞાન સંપાદન કરી હિંદમાં ( Servants of India's, Society ) હિંદસેવક સમાજ નામક સંસ્થા સ્થાપન કરી, અને તેનું સુકાન પોતાના હાથમાં લીધું. જો કે આ સોસાયટીનો

૯ કુતરાની માફક. ૧૦ પરમેશ્વરનું નામ. ૧૧ રત્નમાળા. ૧૨ ફોકટ. ૧૩ મોહિત. ૧૪ હૃદયમાં. ૧૫ આનંદથી. ૧૬ બ્હેરાં. ૧૭ કાન. ૧૮ સોનું—પૈસો. ૧૯ ધનમાં. ૨૦ આડંબર ખાતર ૨૧ વૈરાગ્ય ૨૨ અહંકાર—અભિમાન. ૨૩ બ્હીક.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉદ્દેશ ઘણો વિશાળ છે, સેવાનું ક્ષેત્ર બહોળું છે, ઉચ્ચ પ્રકારની કર્તવ્યનિષ્ઠતા ધરાવતા સેવકો આમાં જોડાયલા છે, તેથી આ સંસ્થાને કંઇક વધુ વખત વ્યતીત થતાં તેનાં મિષ્ટ ફળો ચાખવાનો સમય હિંદને અવશ્ય પ્રાપ્ત થશેજ. અખિલ ભારતવર્ષને માટે જેમ આ સંસ્થા છે, અને આનાદ્વારા અખિલ ભારતના વિધવિધ સામાજિક અને ઇતર પ્રશ્નો હાથ ધરવામાં આવે છે, તેમ જૈનોમાં પ્રવેશ કરી ગયેલ સામાજિક સડાને દૂર કરવા ઉપરોકત સંસ્થા ખાસ પ્રયત્ન કરી શકે એ બનવા જોગ નથી, કારણ કે તે સર્વસામાન્ય સંસ્થા છે, માટે જૈનોના સામાજિક પ્રશ્નોનો અભ્યાસ કરી, તેમાં પ્રવેશેલા સડાને દૂર કરવા સમાજશાસ્ત્રના ઉંડા અભ્યાસી જૈન-સમાજસેવકો ઉત્પન્ન થવાની જરૂર છે.

**સેવકનાં લક્ષણો.**

સેવાવ્રત લઇ આ સંસ્થામાં દાખલ થનાર સેવકોનાં લક્ષણો વિષે કહેવામાં આવતાં—"તેઓ ઉચ્ચ ચારિત્ર્યવાન્ હોવા સાથે વિવિધ ભાષા અને શાસ્ત્રોનાં અભ્યાસી હોવા જોઇએ, સ્વમાન જાળવવા સાથે સાદાઇથી રહેનારા હોય, સામાજિક પ્રશ્નોનું ક્ષેત્ર ખેડવાનું બળ, દૃઢ શ્રદ્ધા અને હિંમત પૂર્વકનું જેઓમાં હોય, ઠરેલ પ્રકૃતિના, બાળકો, યુવાનો વૃદ્ધો, બાળાઓ તેમજ આધેડવયની સ્ત્રીઓ તેમજ વૃદ્ધાઓના સ્વભાવથી સુપરિચિત હોય, ધર્માંધ પ્રકૃતિના ન હોય, ધર્મને અર્થે પોતાના સ્વાર્થોનું પણ બલિદાન દેવા તત્પર હોય, લગભગ સંસારી પોશાકમાં હોવા છતાં સાધુ જીવન ગુજારતા હોય, સંક્ષેપમાં કહીએ તો, તેમનું સમગ્ર જીવન રાત અને દિવસ સમાજસેવાપર બની રહેલું હોવું જોઇએ."

ઉપર કહેવામાં આવેલા ગુણવિશિષ્ટ હોવાસાથે સુમારે એકાદ ડઝન પૂર્વ અને પશ્ચિમની મુખ્ય ભાષાઓપર કાબુ ધરાવનારા હોવા જોઇએ, તેઓજ સમાજસેવક ગણાવા લાયક કહી શકાય અને આ સંસ્થામાં આવા ઉચ્ચ આદર્શવાળા જનોને જ **સમાજસેવક** તરીકે સ્થાન મળવું જોઇએ, એતો સુનિશ્ચિત છે કે આજના જમાનામાં શેઠીઆઓની પૂજા નહિ થાય, મહાન્ પદવીધરની પણ પૂજા નહિ થાય; કિંતુ કોમનો કર્તવ્યનિષ્ઠ–સાચો સેવક થઇને જે કાર્ય શરૂ કરશે તેજ નર સન્માનને પાત્ર થઇ હિંદના પુત્ર તરીકે પોતાની નામના અમર કરશે.

**સાધુઓ દ્વારા જે કાર્યો ન થઇ શકે તે સેવકોથી થઇ શકશે.**

જૈન સમાજની દૃષ્ટિએ કેટલાંક કાર્યો એવાં છે કે જેને સાધુઓ હાથ ધરી શકે નહિ, કારણ કે તે હાથ ધરવામાં તેમને શાસ્ત્રોક્ત બાદ તથા પરંપરાગત ચર્ચા આડે આવતી જોવામાં આવે છે, દૃષ્ટાંત તરીકે જ્યારે અમેરિકામાં ચિકાગો શહેરમાં સર્વ ધર્મ–પરિષદ્ (A Parliament of all Religions) મળી હતી, ત્યારે જૈનધર્મના પ્રતિનિધિ તરીકે મહાત્મા આત્મારામજી મહારાજને ખુદ પોતાને અમેરિકા જવું યોગ્ય ગણી શકાત,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પરંતુ એમ કરવું તે પોતાની સાધુ તરીકેની પરિચર્યાથી ઉલટું લાગવાથી તેઓએ સ્વ. વીરચંદ રાઘવજી ગાંધી ( જેને આપણી આ ભાવી સંસ્થાના સભાસદ તરીકે ઘણી ખુશીથી સ્વીકારી શકાય ) ને મોકલ્યા હતા. આ એક દાખલોજ પુરતો ગણી શકાશે. આવા અનેક પ્રશ્નો કે જેની સિદ્ધિ અર્થે આપણા સાધુ મહાત્માઓ કેટલીક બાબતોમાં કશું કરી શકે તેવા સંયોગોમાં નથી. માટે શા માટે આપણામાં, **જૈન સમાજસેવક** જેવી એક સંસ્થા ન સ્થપાય ?

જો કે આપણી કોમના કેળવાયલા સહૃદય જનોનાં વ્યાખ્યાનોમાં અનેક વખત આવા પ્રકારનો સમાજ સ્થાપવા વિષે વિચારો દર્શાવવામાં આવ્યા છે, ખુદ જ્યારે આપણે પોતે જોઇ રહ્યા છીએ કે દિનાનુદિન આપણી કોમ પતિત દશા ભોગવે છે, છતાં હવે આપણે આંખ આડા કાનદઇ શા માટે ચુપ બેસી રહેવું જોઇએ ?

**દાખલા તરીકે—** લ્યો ! સ્વામી વિવેકાનંદને ! આ મહાત્મા ખરેખર સાચા સન્યાસી તરીકે વેદાંતનો પ્રસાર કરવાને લગભગ જગતના સમસ્ત પ્રદેશોમાં ફરી વળ્યા હતા. આ રીતે જૈન ધર્મનો ઉદ્ધાર કરવાને, અર્થાત્ તેને ( National Religion ) રાષ્ટ્રીય ધર્મ તરીકે જગત્ના વિશાળ પ્રદેશ સમક્ષ જાહેર કરવાને અર્થે દેશ વિદેશ ફરવાનું જૈન મુનિઓથી તેવું શાસ્ત્રીય બાદને લીધે બની શકે તેવાં ચિન્હો જણાતાં નથી. બૌદ્ધ સાધુઓમાં જુઓ ! તેમનો સાધુસમુદાય કેટલો મહાન્ છે ? બર્મા, સીલોન, જાપાન, ચીન વગેરે દેશોમાં તેઓનું પ્રાબલ્ય કેટલું મ્હોટું છે ? લેખક તેમના સિદ્ધાંતો કે માન્યતાઓ સર્વાંશે કબૂલ કરતો નથીજ, પરંતુ તેમનામાં સારૂં અને સત્ય જે છે તે લેવાને આગ્રહી તો છેજ. આ પ્રકારે **ધર્મોપદેશક** તરીકે દેશ–વિદેશ નિકળી પડવાનું કાર્ય, ઉચ્ચ ચારિત્ર્યવાન, વિદ્વાન્ અને પ્રતિભાસંપન્ન પુરૂષોનું છે. પરંતુ ઉપરોક્ત વિશેષણવિશિષ્ટ પુરૂષોજ જે સંપ્રદાયમાં જોવામાં ન આવતા હોય ગાડર પ્રવાહ વિશેષે કરીને જ્યાં જોવામાં આવતો હોય ત્યાં દેશ વિદેશ ફરવાની અને જાહેર વ્યાખ્યાનો દ્વારા જૈન ધર્મનો ઉદ્ધાર કરવાની વાતો તો કરવી જ વૃથા; છતાં લેખક આશાવાદી હોવાથી માને છે કે કોઇપણ સમય એવો આવશે કે જ્યારે, **જૈન સાધુઓ** બનશે તો યુરોપ, અમેરિકા, જાપાન, જર્મની અને ચીન વગેરે દેશોમાં જઇ જૈન ધર્મનો સર્વત્ર પ્રસાર કરવાનાજ.

**સેવકો કયા કયા પ્રશ્નો ઉપાડી શકશે ?** આ પ્રશ્ન આ વિષયને અંગે અતિશય મહત્ત્વનો છે. સેવકોનું ખાસ કર્તવ્ય છે કે તેમનું મુખ્ય વ્રત તે **સેવા વ્રત** હોવું જોઇએ, હવે સેવા વ્રતમાં સર્વ પ્રકારનો સમાવેશ થઇ શકે છે એમ કહેવામાં કશી હરકત નથી. સેવાઓ બજાવવા માટે કોઇ ચોક્કસ પ્રકારની સેવાઓજ શાસ્ત્રમાં નક્કી કરી રાખેલ છે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એમ નથી; પરંતુ સેવા વ્રતના ઉદ્દેશ એવા હોય કે જે જમાનામાં કે જે સમયમાં જે જે સામાજિક ત્રુટિ દૃષ્ટીગોચર થતી હોય તે તે બાબત નીરખવી. તેને બંને બાજુએ ( Bright & dark ) તપાસવી, ટુંકામાં, તેનો ( Critically ) બારીકીથી અભ્યાસ કરવો, અને ત્યારપછી ત્રુટિઓ જણાય તો તે દૂર કરવા યાતો તેમાં ઘટતો સુધારો-વધારો કરવા પગલાં લેવાં. આ તો સેવકને કાર્ય કરવાની માત્ર દિશા સૂચવવામાં આવી; પરંતુ સેવકે પ્રશ્નો કેવા કેવા ઉપાડી લેવા જોઈએ તે વિષે કહેવામાં આવે તો-આજના જમાનામાં દૃષ્ટાંત તરીકે—

પ્રશ્ન. ( ૧ ) સમાજને માટે મુંબઇ વગેરે જેવા શહેરોમાં સસ્તા ભાડાની ચાલીઓ તૈયાર કરાવવા વિષે.

,, ( ૨ ) યુનિવર્સિટિમાં પ્રાકૃત ભાષાને સ્થાન જેમ બને તેમ જલદી અપાવવા વિષે.

,, ( ૩ ) જૈન સાહિત્યના ઉપયોગી ગ્રંથોના અંગ્રેજીમાં અનુવાદો કરાવવા વિષે.

,, ( ૪ ) વિધવાઓને પોતાના પગપર ઉભી રહેતી બનાવવા ઉદ્યોગી બનાવવા વિષે.

,, ( ૫ ) બાબુ બંકીમકૃત " કૃષ્ણચરિત્ર " જેવું ઐતિહાસિક મહાવીર ચરિત્ર તૈયાર કરાવવા વિષે.

,, ( ૬ ) સર્વન્ટસ ઑફ જૈન સોસાયટીને મજબૂત બનાવવા મ્હોટું ફંડ એકઠું કરવા વિષે.

,, ( ૭ ) જૈન દર્શન વિષયક અભ્યાસ કરવા માટે ક્રમસર શ્રેણિબદ્ધ પુસ્તકો તૈયાર કરાવવા વિષે. ઇત્યાદિ.

આ પ્રશ્નો માત્ર ઉપર ટપકેથી નોંધેલા છે, પરંતુ આ વિષયમાં ઉંડા ઉતરવાનો સમય મળતાં અનેક પ્રશ્નો ઉપસ્થિત કરી શકાય તેમ છે.

સેવકો માટે વ્રતો એવા પ્રકારનાં જોઇએ કે,

( ૧ ) સેવકનું હૃદય જીવન પર્યંત સેવા ભાવથી સંપૂર્ણ રંગાયલું હોવું જોઇએ.

( ૨ ) સેવક લગભગ કોઇ પણ યુનિવર્સિટિનો ગ્રેજ્યુએટ અગર સંસ્કૃત-અંગ્રેજી જ્ઞાન વિશાળ ધરાવવા સાથે તંદુરસ્ત હોય.

( ૩ ) સેવકને આજીવિકાર્થે મુંબઇ-કલકત્તા જેવા શહેરો માટે રૂ ૧૦૦) દરમાસે મળવા જોઇએ. ઉપરોક્ત શહેરો સિવાય અન્યત્ર રૂ ૫૦) આપવામાં આવે તો પણ ઠીક છે.

( ૪ ) સેવકની ફરજ છે કે સેવક તરીકેના કાર્યને પ્રથમ દરજ્જે માન આપવું.

( ૫ ) સેવકને સેવાને અર્થે જ્યાં જવું ઘટે ત્યાં સગવડ થવી જોઇએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



( ૬ ) સેવકનું મન રાત દિવસ સેવા વિષયક પ્રશ્નોમાં રત હોવું જોઇએ.
( ૭ ) સેવકે નિરર્થક જ્ઞાતિ, ગચ્છ કે મતમતાંતર વિષયક ઝઘડાઓને તિલાંજલી આપવી.
( ૮ ) સેવક બ્રહ્મચારી હોય યાતો ગૃહસ્થાશ્રમી હોય.
( ૯ ) સેવકો ઉચ્ચ ચારિત્ર્યવાન્, પ્રતિભાવાન્, સ્વમાન ધરાવનારા અને સત્ય કહેનારા હોવા જોઈએ.
( ૧૦ ) સેવકો બ્રહ્મચારી હોય તો તેમણે સમાજના મકાનમાં શયન કરવું.

આ ઉપરાંત સેવકો માટે હજુ ઘણા નિયમો રીતસર બંધારણ થતાં તૈયાર કરવાના ગણાય, પરંતુ ઉપરના નિયમો જણાવવાનો આશય એવો છે કે આવા પ્રકારના લગભગ નિયમો–વ્રતો સેવકો માટે હોવા જોઇએ. સેવકને સેવક તરીકે સંસ્થામાં દાખલ કર્યા અગાઉ ઘણીજ દીર્ઘદષ્ટિ વાપરવાની છે. સેવક '**असमर्थो भवेत् साधुः**' ની કોટિમાંનો ન હોવો જોઇએ. સેવકમાં દઢતા, નિઃસ્વાર્થ વૃત્તિ, સામાજિક પ્રશ્નોનો ઉંડો અભ્યાસ અને પ્રૌઢતા વગેરે ગુણો ખાસ તપાસવાના છે. આજે સેવક થયા અને કાલે છોડી દીધું એવા હાસ્ય કરાવનારા સેવકો આ સંસ્થા માટે મુંડવામાં આવે એ રીત બીલકુલ પસંદ કરવી જોઇએ નહિ.

સેવકો માટે આજીવિકાર્થે બંદોબસ્તના વિષય માટે વિશેષ લખવાની એટલા માટે જરૂર છે કે આ પ્રશ્ન નાંણા વિષયક છે. સર્વન્ટસ્ ઑફ્ ઇન્ડિયા સોસાયટીમાં કેમ છે ? શું અપાય છે ? એ પ્રશ્નોનો અહિં અવકાશ નથી. પરંતુ આ સંસ્થા માટે મુંબઇ યા કલકત્તા જેવા શહેરોમાં રહેનારા સેવકો માટે દરમાસે રૂ. ૧૦૦) તો આપવા ઉચિત ગણાય. કારણ કે જીવન કલહ વધતાં એ રકમ આવા શહેરો માટે વિશેષ નથી. અમદાવાદ, ભાવનગર, જામનગર, રાજકોટ, દીલ્હી, આગ્રા, અજમેર, વગેરે શહેરોમાં આ સંસ્થાની શાખાઓ સ્થપાતાં તેમાં રહી સેવા બજાવનાર સેવકો માટે રૂ. ૫૦) પુરતા ગણી શકાય. કદાચ કોઇ પ્રશ્ન કરશે કે રૂ. ૧૦૦) અને રૂ. ૫૦) ની રકમ વિશેષ પડતી છે, પરંતુ લેખક માને છે કે હાલના જમાનામાં એ બીલકુલ વિશેષ નથી. કારણ કે તેથીજ સારા સેવકો ગ્રેજ્યુએટ થએલા મળી શકશે. સાધારણ માણુસ તરફથી સોસાયટી સેવકો દ્વારા કાર્યની જેવી આશા રાખે છે તેવી રાખી શકાય નહિ, માટે રૂ. ૧૦૦) અને રૂ. ૫૦) આવા ઉંચા અભ્યાસીવર્ગને આપવામાં આવે એ વિશેષ નથી. વસ્તુતઃ આ સેવા સ્વીકારનારાઓએ પાંચ ઓછા કે વધારેનો વિચારજ કરવાનો હોતો નથી, કારણ કે રૂપીયા માટે સેવા નથી. પરંતુ સેવા માટે રૂપીયા નિર્વાહ તરીકે અપાય છે. સંપૂર્ણ નિશ્ચિંતપણે સેવામાં જોડાવા માટે સેવકો માટેનો નિયત કરેલો આવો માસિક પુરસ્કાર વિશેષ ગણી શકાય નહિ. સેવકોની ચુંટણી માટે પ્રમાણ માટે—' કેટલાં કરતાં કેવાં તરફ લક્ષ્ય રાખવું એજ વિશેષ હિતાવહ છે. કોઇ શ્રીમંત હોય અને વિદ્વાન્ પણ હોય, અને સેવા માટે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જોડાવા માગતો હોય અને ઉપરોક્ત પુરસ્કારની ઇચ્છા ન હોય તો બેશક, તેવાઓને પણ ઘણી ખુશી સાથે સંસ્થામાં સ્થાન આપી શકાય. કોઇ ગ્રેજ્યુએટ ન હોય, પણ અંગ્રેજી, સંસ્કૃત, પ્રાકૃત, ધાર્મિક સાહિત્ય વિષયક સારૂં જ્ઞાન ધરાવવા સાથે તેના હૃદયમાં સેવાભાવનો અગ્નિ પ્રજ્વલિત હોય તો તેવાઓને પણ " એસોશીએટ " તરીકે સોસાયટીમાં દાખલ કરવા અને સંસ્થાના ધોરણ મુજબ માસિક પુરસ્કાર આપવો.

**સેવક થવા પહેલાં ઉમેદવારે શો અભ્યાસ કરવો જોઇએ ?**

સેવક થવા પહેલાં ઉમેદવારે સામાજિક વિવિધ પ્રશ્નોનો અભ્યાસ ઘણી ઉંડી દૃષ્ટિથી કરવો જોઇએ. જો કે હાલમાં આપણે વીસમી-સદીને યોગ્ય એક પણ સમાજ શાસ્ત્ર સંબંધી પુસ્તક ધરાવતા નથી, પરંતુ કોઇ સુયોગ્ય વિદ્વાને સમાજશાસ્ત્ર વિષયક સર્વસામાન્ય થઇ પડે તેવું પુસ્તક જેમ બને તેમ તત્કાલ રચી બહાર પાડવું જરૂરનું છે, કે જેનો આધાર લેવો એ સમાજસેવા કરનારાઓને કંઇક માર્ગદર્શક થઇ પડે, પરંતુ હાલમાં એવું કોઇ પુસ્તક નહિ હોવાથી સમાજસેવકે સૌથી પ્રથમ ગુજરાતી, હિંદી, બંગાળી, મરાઠી, અને તામીલી વગેરે મુખ્ય મુખ્ય ગણાતી ભાષાઓનો અભ્યાસ કરવો જોઇએ. ઉમેદવારો આ ભાષાઓમાં પ્રકટ થયેલું સાહિત્ય વાંચી શકે, અને છુટથી તેમાં ભાષણો આપી શકે, બને તો લેખો પણ લખી શકે. ત્યારબાદ ધર્મશાસ્ત્ર, નીતિશાસ્ત્ર, સમાજશાસ્ત્ર, અર્થશાસ્ત્ર, રાજકીયશાસ્ત્ર, વગેરેનો ઉંડાણથી અભ્યાસ કરેલો હોય, અને આ અભ્યાસદ્વારા ઉમેદવારનું મન પુષ્ટ, દૃઢ, સંસ્કારી, નીતિમાન અને વિચારક થયેલું હોવું જોઇએ. આ ઉપરાંત મુખમંડળપર એવી કાંતિ વિરાજિત થયેલી હોય કે જે દ્વારા તે તેના કાર્યોમાં ફતેહ મેળવી શકે. ફલસિદ્ધિમાં મુખ્યત્વે કરીને એ નિયમ છે કે **क्रियासिद्धिः सत्त्वे भवति महतां नोपकरणे** " આ કાર્યસિદ્ધિના મુખ્ય મંત્રને પ્રધાનપદ આપી સેવકે પોતાનાજ સત્ત્વ બળનો એટલો તો વિકાસ કર્યો હોય કે જેથી તેના કાર્યો સત્ત્વ બળને લીધે મહાત્મા ગોખલે, ગાંધી, સર્ ફીરોજશાહ, ડો. દાદાભાઇ વગેરે વીરનરોનાં કાર્યોની માફક સાંગોપાંગ પાર ઉતરે.

સેવકો સમક્ષ ઉપસ્થિત થતાં કાર્યક્ષેત્ર વિષે ઉલ્લેખ કરતાં જણાવવું જોઇએ કે પૂર્વે સામાન્ય રીતે કેટલાએક પ્રશ્નો તરફ સહજ લક્ષ ખેંચવામાં આવેલું છે, પરંતુ વિશેષમાં કહેવામાં આવે, તો સેવકો સમક્ષ બહોળું કાર્યક્ષેત્ર ઉપસ્થિત થયેલું જોઇ શકાશે, કારણ કે સમાજનો એવો નિયમ હોય છે કે એક પ્રશ્ન વિષે કંઇક સુધારો કરવામાં આવ્યો કે બીજો પ્રશ્ન ખડોજ હોય છે, બીજો પ્રશ્ન ઉકેલ્યો કે ત્રીજો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉભોજ હોય છે અને આ રીતે સમાજસેવક સમક્ષ પ્રશ્નોપર પ્રશ્નો ઉપસ્થિત થયાંજ કરે છે. ટુંકામાં, જીવનના જીવન ભર સમાજસેવક તલ્લીનતાથી સેવા કર્યા કરે છે, તે છતાં સામાજિક કાર્યોમાંથી સેવકો ફુરસદ મેળવી શકતા નથી. આ વિષયને અંગે વધુ લખવા કરતાં સમાજસેવક બનીને કોઇ વ્યકિત વિચાર કરે કે, " હાલમાં જૈનસમાજની અધોગતિ દૂર કરવા પ્રયત્નશીલ થાઉં તો શા શા કાર્યો મારે પ્રથમ દરજ્જે હાથ ધરવાં જોઇએ?" આમ વિચાર કરતાં પરિણામે અનેક પ્રશ્નો તેના અંતઃકરણમાં સ્ફુર્યા કરશેજ. પરંતુ એક સેવક અનેક વિષયમાં માથું મારે તે કરતાં એકજ વિષયનો ખાસ અભ્યાસી ( Specialist ) બને અને તેમાંજ તેનું જીવન, તન, મન અર્પણ કરે તો તે વિષયપર ઘણો પ્રકાશ તે પાડી શકે, પરંતુ અનેક વિષયમાં માથું મારતાં એકમાં પણ યથાર્થ સુધારો કરી શકે નહિ, અને પરિણામે તમામ પ્રશ્નોમાં બગાડો ઉભો ને ઉભો રહી જવા પામે. થોડાએક સમાજ સેવકો ઉત્પન્ન થાય અને એક એક પ્રશ્ન લઇ પોતાની સેવાનો લાભ આપ્યા કરે, એ પ્રયત્નનું શુભ પરિણામ સત્વર આવવા સંભવ છે.

સમાજને આથી વિશેષ અધોગતિએ પહોંચાડવો ન હોય તો, સેવકો જાગૃત થાઓ–અત્યારથી જાગૃત થાઓ. અમુક અપેક્ષાએ આ ચેતવણી આપવાનું કાર્ય થોડા માસ અગાઉ જૈ. શ્વે. કૉન્ફરંસ હૅરલ્ડમાં એક વિદ્વાન્ વ્યકિતએ ' મારૂં તામ્રપત્ર,"એ શિરોલેખ દ્વારા કર્યું હતું. તે વાતને લેખક અમુક અપેક્ષાએ સંમત થવા સાથે જણાવે છે કે આપણો સમાજ અધોગતિ ભોગવે છે, આ અધોગતિ વિષયક ચિતાર વિવિધ લેખકો અને વકતાઓએ લેખો અને ભાષણો દ્વારા આંકડાઓ અને પ્રમાણો રજુ કરી સ્પષ્ટરીતે દર્શાવી આપ્યો છે, છતાં શંકા જેવું જણાતું હોય તો સત્ય અંતઃકરણવડે સમાજની સ્થિતિ તપાસવી. હવે જાગૃત થવાનો કાળ બહુ નજીક આવતો જાય છે, નિદ્રાને દૂર ફેંકો! આંખો ઉઘાડો! કુંભકર્ણ ન બનો! આથી વિશેષ અધોગતિએ સમાજ ન પહોંચવા પામે તે માટે થોડાએક સમાજના સાચા સેવકો! તમારી કમ્મર કસો! કેળવાયલા બંધુઓ! તમારામાં સેવાભાવનો તણખો હોય તો તેને આગનું સ્વરૂપ પકડાવો, સમાજની દરકાર કરવાનું જો તમે દુરસ્ત નહિ ધારશો, તો આથી મોટું પાપ બીજું કયું લાગશે ? તે હું તો કહી શકતો જ નથી. સાચા સમાજસેવકે લોકોના હાસ્યની કે ઉતાવળથી બાંધી લીધેલા અભિપ્રાયની કશી દરકાર કરવી જોઇએ નહિ–રખેને સમાજને ખોટું લાગશે તો અમારો સ્વાર્થ સધાશે નહિ–આ સ્વાર્થાંધતામાં મૂકો આગ ! બાળીને કરો ભસ્મ ! તમારી કલાક બે કલાકની સેવાથી હવે ચાલશે નહિ; પરંતુ દિવસોના દિવસો, માસોના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માસો, અને વર્ષોના વર્ષો સુધીની સેવાની હવે જરૂર ઉત્પન્ન થવા પામી છે, તે સિવાય તૃપ્તિ થવી મુશ્કેલ છે, સમાજની ઉન્નતિ થવી દૂર છે.

આ કાર્યને મોટી સહાયની જરૂર છે એમ સમાજ સમક્ષ કહેવાની જરૂર એટલા માટેજ છે કે કોઇપણ કાર્ય શરૂ કર્યા પહેલાં કાર્યની વિશાળતાના પ્રમાણમાં ફંડ વિષયક સ્થિતિપણ તેવી હોવી જોઇએ એમ કેટલાક કહે છે, જ્યારે કેટલાએક એવો ખ્યાલ રજુ કરે છે કે ' પૈસા પૈસા શું કરો છો? પૈસા જોઇએ તેટલા મળી રહેશે ! સાચા કામ કરનારાઓનાં કામોજ પૈસાનો ઢગલો કરાવે છે. " આમ બે મત છે, તેમાં લેખક બંનેમતને સંમત છે, પરંતુ બીજા મતને ખાસ કરીને વળગી રહેવું વ્યાજબી ધારે છે, તેમ છતાં પણ મનુષ્યોની સત્પાત્રતાની કસોટી પણ કેટલીક વાર પાછળથી થાય છે, માટે કાર્યની શરૂઆતમાં અમુક અંશે નાણાની જરૂર છે, છતાં તેના નેતાઓના વચનોપર વિશ્વાસ સ્થાપી લોકો તરફથી ફંડ એકત્રિત પ્રથમથીજ થવું જોઇએ, સંસ્થા માટે એક સુંદર બીલ્ડીંગ બંધાવવું જોઇએ અને સાથે સાથે થોડાએક જનોએ સંસ્થામાં કાર્ય કરવાને સમાજ સેવક તરીકે બહાર પણ આવવું જોઇએ. આમ થવાથીજ કાર્ય સુગમતાથી આગળ વધી શકશે; પરંતુ પરિણામે એટલું તો ચોક્કસ છે કે આ કાર્ય માટે જબરજસ્ત ફંડ ઉભું થવાની જરૂર છે. સૌથી પ્રથમ બીલ્ડીંગ બંધાવી લેખકનો એમ કહેવાનો આશય નથી પહેલાં ભભકો બતાવો, અને પછી કાર્ય કરો; પરંતુ સેન્ડર્સ્ટ રોડ પર આવેલું ( Servants of India's Society ) હિંદ સેવક સમાજનું વિશાળ મકાન તો જુઓ તેવું સુંદર બીલ્ડીંગ જૈન સમાજસેવકોની આ સંસ્થા માટે અવશ્ય થવું જોઇએ. યુરોપ, અમેરિકા, જાપાન અને જર્મની વગેરે દેશોમાં તપાસો ! સંસ્થાનું બીલ્ડીંગ તો પ્રથમથીજ તૈયાર થયું હોય, અને ત્યાર બાદ તેમાં કાર્ય વ્યવહાર ચાલુ થાય. આ બાબતમાં શું એ દેશોનું અનુકરણ કરવાનું જરૂર નથી ? આપણી કોમના નેતાઓએ, શ્રીમંતોએ, અને વિદ્વાનોએ પોતાના વિચારો, પોતાની મદદો અને પોતાની સ્વતંત્ર યોજનાઓ દ્વારા જે કંઇ સેવા બજાવી શકાય તેમ લાગતું હોય તે બજાવવા સત્વર બહાર આવવું જોઇએ. હવે વિલંબ કરવામાં કશું શ્રેય સમાયલું નથી, કિંતુ હાનિજ છે. આપણાપર મૂકાતો આરોપ ! 'જૈન કોમ દરેક કોમ પછી જાગે,' એ ડાઘ હવે તો દૂર કરવો જરૂરી .સમજો. દેશોદ્ધારક કોઇપણ નવી ચળવળ માટે જૈન કોમ પણ જાગ્રત થાય એવાં તો પગલાં ભરતાં શીખો, એટલો ફેરફાર તો કરો ! એટલી નવીનતા તો લાવો ! એટલું તો કરી બતાવો ! અરે ! જૈનો ! તમારાં હૃદયો લાગણી વિનાના છેક બુઠ્ઠાં ન બનાવો ! પરંતુ કોમના બંધુઓને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સ્વાવલંબી બનાવવા જેટલી તો સેવા આપો ! બંધુઓ ! એક તરફ લોકો દીન-દયાજનક દશામાં રીબાતાં હોય, અગર પુરતાં અન્નવસ્ત્રાદિક પણ ન મેળવી શકતા હોય, અને બીજી તરફ શ્રીમંતો તે દીન-અનાશ્રિત જનો તરફ ઉપેક્ષા બતાવી મૉટર વગેરેમાં ફરતા જોવામાં આવતા હોય એ શું આગેવાનોને વિચારવા યોગ્ય નથી ? ભલાં ! સમજો કે તમે-શ્રીમંતોએ પુણ્ય કર્યાં છે-અગર તો કહો કે વાવ્યું છે, કદાચ તેથી તમે મૉટર વગેરેમાં ફરી મજા ઉડાવવાની દલીલ કરી શકો; કિંતુ તમારા કોમી બંધુઓ તરફ છેક ઉપેક્ષાબુદ્ધિ એ લેશપણ તમને ઉચિત નથી, તમારા જાતિભાઇઓને-સ્વધર્મી બંધુઓને તમારા જેવા આગળ વધેલા, સારી સ્થિતિવાળા, સારૂં માનપાન ધરાવનારા બનાવવા એમાંજ તમારૂં કર્તવ્ય સમાયલું છે. એ પવિત્ર કર્તવ્ય બજાવી તમે તમારૂં નામ જગતમાં અમર કરો.

ઉપસંહારમાં જણાવવાનું કે આપ સહૃદયજનો સમક્ષ ઉપરની વિગત રજુ કરવામાં આવી છે, તે માત્ર એક યોજનારૂપે સમજશો યાતો તે એક સોસાયટીની રૂપરેખારૂપે માનશો; કારણ કે લેખક એવો દાવો કરવા માગતો નથી કે આ યોજના સંપૂર્ણ છે, up to date છે: પરંતુ લેખક છેવટે એટલું ઇચ્છે છે કે કોમના શ્રીમાન્ અને ધીમાન જનોનું યુગલ મળીને કાર્ય કરીને, આ રૂપરેખાને યા તો સામાન્ય યોજનાને સંપૂર્ણ બનાવી-વ્યવહારૂ બનાવી આ યોજના દ્વારા ઇષ્ટસિદ્ધિ પ્રાપ્ત કરવા સમર્થ બને!" ઇત્યલં.

---

## અમારી સૂચના—નોંધનો સત્કાર.

અમારા માઘ માસના આત્માનંદ પ્રકાશમાં " શ્રીમાન્ શાંતમૂર્તિ શ્રીમદ્ સિદ્ધિવિજયજી મહારાજને આચાર્ય પદ આપવામાં આવ્યું તે બાબતના આનંદ પ્રદર્શિત કરવા સાથે ઉક્ત મહાત્મા અને અન્ય મુનિમહારાજોને આવા પ્રસંગોએ, અત્યારે ભયંકર દુષ્કાળ ચાલતો હોવાથી મનુષ્યો તથા પશુના રક્ષણ માટે કાંઇ પ્રયત્ન કરવા તેને યાદ કરવા નમ્ર વિનંતિ સાથે સૂચના જણાવી હતી. " તે બાબતમાં હાલમાં મ્હેસાણાથી ધર્મબંધુ શ્રીયુત વેણીચંદભાઇ સુરચંદ એક પત્ર તા. ૧૬-૩-૧૯૧૯ના રોજ અમારા ઉપર લખી અમોને જણાવે છે કે:—" તમારી તે આનંદદાયક નોંધમાં જણાવેલ મનુષ્ય તથા પશુરક્ષણ માટેની જણાવેલ સુચના તદ્દન સત્ય છે, અને આપ જાણીને હર્ષિત થશો કે ઉક્ત કૃપાળુ મહાત્માના ઉપદેશથી રૂ ૨૦૦૦૦) વીશ હજારનું ફંડ કરી સસ્તે ભાવે અનાજ વેચવાની દુકાન અત્રે ચાલુ થઇ છે, તેમજ પાંજરાપોળ જીવદયા માટે રૂા. ૧૫૦૦) નું ફંડ થએલ છે વગેરે. " ઉપરોક્ત હકીકત પત્રદ્વારા જાણી તેમજ અમારી તે નોંધ તદ્દન સત્ય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે અને તે સાથે અમારી નમ્ર વિનંતિ–સુચનાનો પૂજ્ય આચાર્ય મહારાજશ્રી સિદ્ધિવિજયજી મહારાજે ઉપદેશદ્વારા પ્રયત્ન કરી અમલમાં મુકી તે માટે અમો તે મહાત્માના આભારી છીએ. સાથે જેમ અમારી તે નોંધ સત્ય જણાઇ તે માટે જેમ આનંદ જાહેર કરીએ છીએ તેમ સમયને અનુસરીને દુષ્કાળ માટે મનુષ્ય અને પશુના રક્ષણ માટે દયા માટે જે પ્રયત્ન કરવામાં આવ્યો છે તે જાણી ડબલ આનંદ જાહેર કરીએ છીએ. દરેક મુનિમહારાજને પણ તેવા પ્રયત્ન માટે ફરી વિનંતિ કરીએ છીએ.

## મારવાડમાં એક શુભ પગલું.

ન્યાયાંભોનિધિ શ્રીમદ્વિજયાનંદ સૂરીશ્વરના પ્રશિષ્ય મુનિરાજ **શ્રી વલ્લભવિજયજી** મહારાજ સુમારે દશ વર્ષ સુધી ગુજરાત, કાઠીયાવાવાડમાં વીચરી અનેક ધાર્મિક અને કેળવણીના કાર્યોના જન્મ આપી જૈન સમાજ ઉપર અપૂર્વ ઉપકાર કરી શ્રી પંજાબ દેશના જૈન બંધુઓની અતી આગ્રહ પૂર્વક વિનંતિથી તે દેશમાં જવા વિહાર કરતાં હાલમાં મારવાડમાં સાદરી ગામમાં બીરાજમાંન છે, રસ્તામાં વિહારના દરમ્યાન ચોરોથી લુટાયા ઉપસર્ગ પણ થયો પરંતુ મારવાડ–ગોલવાડ ઇલાકાના સદ્‌ભાગ્યે તે મહાત્માના ઉપદેશથી કેટલાક ગામોમાં ઘણા વર્ષોથી કુસંપ અને કલેશ હતો તે દૂર થતાં એક સંપ થયો, તેટલુંજ નહીં પણ જ્યાં કેળવણીનું નામ નિશાન દેખાતું નહોતું એવી મરૂભૂમિમાં આ મહાત્માના સતત ઉપદેશથી તે કાર્યનો પાયો નંખાયો છે. ગોલવડ પ્રાંતમાં કેળવણીની પુરતી જોગવાઇ માટે કેળવણી ફંડ શરૂ કર્યું છે પુરતો ઉત્સાહથી આરંભ થયો છે. સાદડીમાંજ પચાશ હજારથી વધુ રકમ થઇ છે, અને આખા ગોલવડમાં થઇ પાંચલાખ રૂપૈયા સુધી રકમ એ મહાત્માના ઉપદેશથી થવાનો સંભવ છે. આવા અત્યુત્તમ લાભના કારણથી ઉક્ત મહાત્માનું આ વર્ષનું ચાતુર્માસ બીકાનેર થવાનું હતું તેને બદલે અત્રે ( લાભનું કાયણ જાણી ) હવે ત્યાં રહી વધારે પ્રયાસ કરી ત્યાં ( સાદડીજ ) ચોમાસું થશે આ મહાત્માને ખરેખરી રીતે સમયનું જ્ઞાન હોવાથી તેમજ અત્યારે સમાજને શું જરૂરીયાત છે તેનો બારીક અભ્યાસ કરેલો હોવાથીજ માત્ર કેળવણીના કાર્યનેજ મુખ્ય ગણી અનેક કેળવણીના કાર્યોનો જન્મ આપે છે. ઉક્ત મહાત્માને કેળવણી ઉપર કેવો પ્રેમ છે તે હાલમાં તેઓશ્રીના એક મહાત્મા ઉપરનો પત્ર જેકે અમોએ વાંચ્યો છે તેથી માલમ પડે છે તેમાં મુનિરાજ શ્રી વલ્લભવિજયજી મહારાજ જણાવે છે કે, વિહારમાં રસ્તામાં ચોરો લુંટારાઓથી થયેલ ઉપસર્ગથી જે ગ્લાની થઇ હતી તેના કરતાં આ ગોલવડ (મારવાડ) પ્રાંતમાં કેળવણીના કાર્યની ગુરૂકૃપાથી શરૂઆત થઇ છે તેમજ કેટલેક સ્થળે સંપ થયો છે તેનાથી અનેક ગણો આનંદ થયો છે અને અત્રે વધારે લાભનું કારણ જાણી તેમજ કેળવણીન કાર્ય માટે વધારે પ્રયાસ કરવાનો હોવાથી અત્રે ચાતુર્માસ ગુરૂકૃપાથી થવા સંભવ છે" આ ઉપરથી સમજી શકાય છે કે આ મહાત્માને કેળવણી ઉપર જૈન સમાજની ઉન્નતિ માટે કેટલો પ્રેમ છે અમો અમારો આનંદ આ કાર્ય માટે જાહેર કરીએ છીએ અન્ય મુનિમહારાજાઓને આવા કાર્ય બહોળા પ્રમાણમા ઉપદેશ આપી કરાવવા વિનંતિ કરીયે છીએ.

For Private And Personal Use Only

# મરૂ મહોદય.

જગત્ વિખ્યાત સ્વર્ગવાસી આચાર્ય શ્રીમદ્ વિજયાનંદ સૂરી (શ્રીમદ્ આત્મારામજી) મહારાજના પ્રખ્યાત શિષ્ય શ્રીમદ્ વલ્લભવિજયજી મહારાજજી લગભગ દસ અગીયાર વર્ષ ગુજરાતમાં રહી તે દરમ્યાન શ્રી મહાવીર જૈન વિદ્યાલય, વનિતાવિશ્રામ, સ્કોલરશીપ ફંડ, બોર્ડીંગ હાઉસ, પાઠશાળાઓ તથા અનાથાશ્રમ જેવી અનેક સંસ્થાઓ પ્રગટ કરાવી અનેક ભવ્યાત્માઓને ધર્મમાર્ગમાં જોડી પોતાના શિષ્યો સાથે હાલ થોડાક વખતથી મારવાડ દેશમાં પધાર્યા છે. તેઓના આ દેશમાં પધારવાથી અનેક તરેહના મોટા ઉપકારનાં કાર્યો થયાં છે, જેમકે સીરોહી તાબેના પીંડવાડા ગામમાં કેટલાક સમયથી મોટો ઝઘડો ચાલતો હતો, તે તેઓશ્રીના ત્યાં પધારવાથી ઝઘડો મટી ગયો છે અને ધર્મકાર્યમાં જે વાંધા પડતો હતો તેમાં પણ બહુજ સારો સુધારો થયો છે. ત્યાંથી વિહાર કરી તેઓશ્રી નાણા તથા બેડાની યાત્રા કરી જોધપુર જીલ્લાના વિજાપુર ગામમાં પધાર્યા હતા. ત્યાં લગભગ આઠ વરસથી ચાલતા કલેશની આ ગુરૂમહારાજશ્રીના ઉપદેશથી શાંતિ થઇ હતી તથા ત્યાંના સંઘે મહારાજશ્રીના ઉપદેશથી કેળવણી પ્રચારને માટે રૂપીયા ત્રણ હજાર લગભગનું ફંડ કરી પાઠશાળા ચાલુ કરવાની યોજના કરી હતી. જૈનો ઉપરાંત ત્યાંના ઠાકોરે તથા તેમના કુટુંબી લોકોએ અનેક વખત ગુરૂ મહારાજની દેશનાનો લાભ લીધો હતો. ત્યાંથી વિહાર કરી મહારાજ સાહેબ સેવાડી પધાર્યા હતા. ત્યાં પણ લગભગ સોળ વરસથી સંઘમાં બે વિભાગો થએલા હતા. મહારાજ સાહેબના સદુપદેશથી ત્યાં પણ સંપ થયો હતો. સેવાડી અને લુણાવાની વચ્ચે એક ગામ આવેલ છે ત્યાંના જાગીરદારે સેવાડી ગામે આવી મહારાજ સાહેબને પોતાના ગામમાં પધારવાને બહુ આગ્રહ કર્યો હતો જેથી મહારાજજી સાહેબ ત્યાં પધાર્યા હતા. તે પ્રસંગે આજુબાજુના પાંચ સાત ગામોના જૈન જૈનેતર લોકો એકત્ર થયા હતા અને ત્યાં મહારાજજી સાહેબ લુણાવા પધાર્યા હતા. આ ગામમાં લગભગ ૭ વરસથી સંઘમાં ધર્માદા સંબંધી ઝઘડો ચાલતો હતો. મહારાજજી સાહેબના ઉપદેશથી અને અમલદાર વર્ગની માગણીથી તે ઝગડો નાશ પામી એકત્ર થયા હતા અને ત્યાં પણ પાઠશાળાનું ફંડ થયું તેમાં રૂ ૩૦૦૦) ની રકમ તે વખતે ભરાઇ હતી અને આગળ ઉપર ત્યાં મોટી રકમ થવા તે લોકોના ઉત્સાહ ઉપરથી જણાતું હતું અને મહારાજજી સાહેબ જ્યાં જ્યાં પધારતા હતા ત્યાં ત્યાં આજુબાજુના ગામોમાંથી મહારાજજી સાહેબ પાસે અનેક જૈન તેમજ જૈનેતર આવતા હતા. સેવાડી, વાલી વિગેરે ગામોમાં પંજાબ, બીકાનેર, વડોદરા, સોસોદરા અને છુહારી વિગેરેના અનેક સદ્ગ્રહસ્થો મહારાજ સાહેબના દર્શન અર્થે પધાર્યા હતા અને મહારાજજી સાહેબ વાલીથી સાદડી પધાર્યા છે.

( મળેલું ).

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# પ્રકીર્ણ.

## નોંધ કેવી હોવી જોઇએ ?

અંધ શ્રદ્ધાનો જમાનો ચાલ્યો ગયો છતાં, વાણી કે લેખની દ્વારા ગમે તેવા ભાષણ ઉપદેશ કે લખાણ ઉપર વ્યામોહ નહીં પામતાં બંને બાજુ તપાસી તેમાં વાસ્તવિક શું છે તે જોવાનો બુદ્ધિવાદનો જમાનો હવે દેખાય છે છતાં, કોઈ વ્યક્તિ જાહેરમાં કોઇ હકીકત અવાસ્તવિક બોલે કે કોઇ પેપર કે તેવા સાધન દ્વારા નોંધ પ્રગટ કરે, કે જે વાણી કે લખાણ બીજાને અંધારામાં રાખનારૂં, આંખે પાટા બંધાવનારૂં, આડે માર્ગે દોરવનારૂં અથવા કોઇ પણ કારણના પ્રસંગોથી ધારેલું પાર પાડવા કે બીજાને તેમ ઠસાવવા બીજી રીતે બોલાયેલ લખાયલ હોય તો તેવા ભાષણ કે લખાણને સત્ય અને યોગ્ય ચર્ચા કે નોંધ કેમ કહેવાય ? અથવા તેવું બોલનાર કે લખનારને યથાર્થ તે બાબતનું જ્ઞાન પણ છે તેમ પણ કેમ કહેવાય ! આવા લખાણો કદાચ સમાજને જુદો પાઠ ભણાવવા જેવા જણાતા હોય, તેમજ લખાણ કે નોંધની હકીકત એક વખત કંઇ તે બીજ વખત કાંઇ તેમ દેખાતી હોય, તેમજ તેવા લખાણ લખનારે તેમાં જણાવેલ કાર્ય ભૂતકાળમાં અનેક વખત કર્યા છતાં બીજી વખતે ગમે તેવા સંયોગને લઇને નિષેધ કરવા નીકળ્યા હોય, તેવા સંયોગમાં બીજી કોઇ વ્યક્તિ તેવા લખાણની બાબતમાં વાસ્તવિક ખુલાસો કોઇ પેપર દ્વારા કરે, તેનો જવાબ આપવો તો દૂર રહ્યો, પરંતુ પોતે મુકેલીજ હકીકત–નોંધ સાચી છે, બીજાને તેવું જ્ઞાન નથી તેવું સમાજને પરાણે ઠસાવા માંગે, તેટલુંજ નહીં પરંતુ ખુલાસો કરનાર વ્યક્તિની હકીકત માલ વગરની છે અને પોતાની સાચી છે તેવું જણાવવાનો પ્રયત્ન કરે તો તેમ સર્વ કોઇ–બુદ્ધિશાળી કોઇ પણ મનુષ્ય માનીજ લે તેવી અંધશ્રદ્ધા ચાલતા સમયમાં ચાલી શકે કે કેમ તે અમે કહી શકતા નથી. છતાં વળી ફરી આગ્રહથીજ પોતાની તેવી હકીકત–નોંધ સાચી મનાવવા વધારે પ્રયત્ન જાણે સેવાતો ન હોય તેમ હાલમાં એક પત્રકાર બંધુએ પોતાના પેપરમાં પોતાના તરફથી આપવામાં આવતી નોંધ ગમે તેવી હોય ( છતાં બીજાને અજવાળું પાડવાને તેમાં સત્ય કેટલું ને કેવું છે તે જણાવવાનો જાણે કે અધિકારજ નથી અને તેવા ખુલાસા તે યોગ્યજ નથી ) તેજ યોગ્ય છે, તેની સામેના વાસ્તવિક ખુલાસા તે આક્ષેપો છે, અને તે સામાન્ય નિયમોની હદ ઓળંઘાયેલી છે વગેરે હકીકતો જણાવેલ છે. તે ખુલાસો કરનાર લેખક તેવી નોંધ આપનારને પુછવા માંગે છે કે જ્યારે આપની નોંધ–હકીકત સાચી હતી, અને સામે ખુલાસો મુકયો, તો તેનો ખુલાસો આપવાની વાત તો બાજુપર મુકી પરંતુ તે ખુલાસા સામે બીજું કાંઇ પણ ન થઇ શકયું ત્યારે છેવટે પોતાનાં ગીત પોતેગાવાની જેમ તેવું લખવાનું જ્ઞાન પોતાનેજ છે–બીજાને નથી પોતાની તેવી નોંધો માલવાળી છે બીજાની તેવી નથી, પોતાની તેવી નોંધો હદમાં છે બીજાની હદ બહાર છે વગેરે લખી તેમની તે વખતની નોંધ સામે વાસ્તવિક ખુલાસો લખનાર લેખક ઉપર જાણે કે રોષ ફરી પાછો ઉભરી નીકળ્યો હોય તેમ પરાણે મનાવવા ફરી હાલમાં જ્યારે તે વ્યક્તિએ પ્રયાસ કર્યો ત્યારે આ લેખકને આટલો ખુલાસો કરવો પડયો છે. તેવી આંખે પાટા બંધાવનારી અવાસ્તવીક નોંધ સામે તેવા ખુલાસાવાળી નોંધને ભલે નિર્માલ્ય માને, કે મનાવવાનો પરાણે પ્રયત્ન કરે તો તેવા માત્ર એક બાજુના અવાસ્તવીક લખાણથી હવે કોઇ લલચાઇ જાય, કે તેના ઉપર શ્રદ્ધા રાખે, કે તેવું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બોલેલું કે લખેલું ગમે તેવું હોય તે કબુલ રાખે, કે હાજી હા પાડે તેવો કોઇ બુદ્ધિશાળી મનુષ્યો હોય નહીં. પરંતુ તે વ્યક્તિની તેવી નોંધ, ચર્ચા માલવાળી, વિશ્વાસજનક અને આડે રસ્તે દોરવનારી નથી એમ પણ કોણ માને છે ? પોતાનું બધું સારૂં પોતે કરે માને કે ગમે તે લખે તે સાચું માનો ! એવો પાઠ ભણાવવા ભલે કોઇ પ્રયત્ન કરે પરંતુ તેમાં વસ્તુસ્થિતિ ખરી કેટલી છે તેમ બંને બાજુની હકીકત કે લખાણ જાણી-વાંચી પછી બુદ્ધિવાન મનુષ્યો તો સહેલાઇથી સમજી શકે છે. અને ન્યાય કરી શકે છે.

ખરી નોંધ-ચર્ચા-લખાણ, ભાષણ, સંવાદ વિગેરે તેજ હોવું જોઇએ કે હૃદયશુદ્ધ, વાસ્તવિક, યથાર્થ, સિધા માર્ગે લઇ જનાર, નિષ્પક્ષપાત અને અજવાળામાં લાવનાર હોય, બાકી તે સિવાય અમારૂંજ સાચું, સારૂં, સત્ય અને બીજાનું નહીં તેમ અન્યને કબુલ કરાવવાનો જમાનો હજી પણ ચાલતો હશે કે કેમ તે સમજશક્તિ ધરાવનારા મનુષ્યો સમજી શકે તેવું છે. તેટલુંજ નહીં, પરંતુ પોતે એક વખત અનેક પ્રમાણમાં કરેલું એક કાર્ય તેને બીજી વખતે નિ-ષેધ કરવા નીકળે તો તેવું લખાણ તે એક લેખનશૈલી-કળા-યુક્તિ છે તેવું પણ અન્ય માને તે બનવાજોગ છે.

જૈન કોમમાં ખરી ચર્ચા શું અને તેનું સ્વરૂપ કેવું હોવું જોઇએ તે માત્ર પોતેજ સમજે છે બીજા સમજતાજ નથી તેવો દાવો કરવો અને બીજાઓને પણ તે દાવો કબુલ કરાવવો તે બીજી બાજુ તપાસ્યા વગર કોઇ પણ કબુલ કરે તેવો પણ જમાનોતો હવે દેખાતો નથી એમ હાલના બુદ્ધિશાળી મનુષ્યો કહે છે. I. A.

## અભ્યાસની ઉમર કઇ ?

ઘણા મનુષ્યો એમ ધારે છે કે શીખવાની ઉમર તે બાલ્યાવસ્થા છે, અને સંતતિ થયા પછી કે અમુક ઉમર પછી શીખવાનો વખત ચાલ્યો ગયો હોય છે, પરંતુ શાસ્ત્રકારો-જ્ઞાનીમહા-રાજ તો કેવળજ્ઞાન પ્રાપ્ત ન થાય ત્યાંસુધી વિદ્યાર્થી અવસ્થા-શીખવાનો કાળ ચાલુજ છે તેમજ જણાવે છે; તે સાથે એવું સમજનારાઓએ પણ ધ્યાનમાં લેવાનું છે કે પાશ્ચિમાત્ય દેશના કેટ-લાક વિદ્વાન પુરૂષો ઘણી મોટી ઉમરે પણ વિદ્યાભ્યાસી હતા, જે નીચેના દાખલાઓથી જણાશે.

૧ **સોક્રેટીસ**—જેવો ફીલોસોફર છેક ઘડપણમાં વાજું વગાડતાં શીખ્યો હતો.

૨ **કેટો**—એંસી વર્ષની ઉમરે યુનાની ભાષા શીખ્યો.

૩ **ડ્રાઇડન** અને સ્કોટ જેવા પુરૂષો ૪૦) વર્ષ સુધી ગ્રંથકાર તરીકે જાણવામાં આવેલા નહોતા ( પછી થયા ).

૪ **રોબર્ટ** છેક વૃદ્ધાવસ્થાએ ઇટાલીયન ભાષા શીખવા માંડી હતી.

૫ **આરનોલ્ડને** ને એકજ જર્મન ભાષાનું પુસ્તક વાંચવાનું મન થતાં ઘડપણમાં જર્મન ભાષા ભણવા બેઠો.

આ ઉપરથી સમજાય છે કે વર્તમાન કાળમાં પણ આવા અનેક દાખલાઓ છે જેથી કોઇ પણ ઉમરે કોઇ પણ મનુષ્ય કાંઇ પણ શીખવા ધારે તો શીખી શકે છે. જેથી કોઇ પણ ઉમરે અભ્યાસી થવાની-રહેવાની જરૂર છે.

ઉપરની હકીકત **અંકુશ** માસિકના પોશ માસના અંકમાં આવેલ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## નીચેના ગ્રંથો છપાવવા માટે ( ભાષાંતર ) તૈયાર થાય છે.

( પ્રસિદ્ધ કરવા માટે—જ્ઞાનોદ્ધારના કાર્યના ઉત્તેજન માટે સહાયની અપેક્ષા છે. )

૧. **શ્રી દાનપ્રદીપ** ( મહોપાધ્યાય શ્રી ચારિત્રગણી કૃત ) દાનગુણનું સ્વરૂપ ( અનેક કથાઓ સહિત ) જણાવનાર.

૨. **શ્રી મહાવીરચરિત્ર** ( શ્રી નેમીચંદ્ર સૂરિ કૃત ) આ ગ્રંથ ઘણો પ્રાચીન છે. બારમા સૈકામાં તે લખાયેલ છે. પાટણના ભંડારની તાડપત્રની પ્રત ઉપરથી અમોએ મૂલ છપાવેલ છે. અપૂર્વ ચરિત્ર છે.

૩. **શ્રી વિમલનાથ ચરિત્ર** ( શ્રી જ્ઞાનસાગરસૂરિ કૃત ) અપૂર્વ ચરિત્ર.

૪. **શ્રી ઉપદેશ સપ્તતિકા** ( શ્રી સોમધર્મગણિ વિરચિત )

૫. **શ્રી ધર્મદેશના** ( અપૂર્વ કથાનક ગ્રંથ )

૬. **સંબોધ સપ્તતિ** શ્રી રત્નશેખરસૂરિ વિરચિત અનેક ધર્મની હકીકતો જણાવનારો ગ્રંથ.

ઉપરના ગ્રંથો રસિક બોધદાયક અને ખાસ પઠનપાઠન કરવામાં ઉપયોગી છે; તેટલુંજ નહિ પરંતુ વાચકોને આનંદ સાથે ધર્મનું જ્ઞાન પ્રાપ્ત થાય તેવા છે. દરેક ગ્રંથોનું ગુજરાતી ભાષાંતર તૈયાર થાય છે. દ્રવ્ય સહાયની અપેક્ષા ( જરૂર ) છે. જ્ઞાનોદ્ધાર કરવાના ઉત્સાહી બંધુઓએ આવા જ્ઞાનોદ્ધારના કાર્યને સહાય આપી મળેલ લક્ષ્મીને સાર્થક કરવાનું છે. વર્તમાન સમયમાં ધર્મના આવા સારા સારા ગ્રંથો પ્રસિદ્ધ કરી, કરાવી ધર્મનો ફેલાવો તે વડે કરવાની આ અમૂલ્ય તક છે. વળી બહોળા પ્રમાણમાં તેના ખપી મુનિમહારાજાઓ, સાધ્વીમહારાજ અને જ્ઞાનભંડાર વિગેરેને ( વગર કિંમતે ) ભેટ અપાય છે. સહાય આપનારને તે લાભ સાથે તેનો જે નફો આવે તે તેવાજ જ્ઞાનખાતામાં ઉપયોગ થાય છે જેથી લાભ લેવા જેવું છે.

---

## શ્રી ગુરૂગુણમાળા યાને ( ગુરૂગુણછત્રીશિ )

### ( મૂળ સાથે ભાષાંતર. )

### ( અનુવાદક શ્રીમાન્ કર્પૂરવિજયજી મહારાજ. )

પ્રાતઃસ્મરણીય શ્રી નવકારમંત્રના ત્રીજા પદ શ્રી આચાર્ય ભગવાનના છત્રીશ ગુણો શાસ્ત્રકારે કહ્યા છે, તે સાથે તેવીજ છત્રીશ છત્રીશી એટલે ૧૨૯૬ ગુણો આચાર્યમહારાજના છે, તેમ પણ કહેલ છે; તે ગુણો એવા તો અલૌકિક છે કે જે વાંચતાં આચાર્યપદના સ્વરૂપનું જાણ થવા સાથે આત્માને અધ્યાત્મિક આનંદ પ્રાપ્ત થાય છે, બાળજીવોના ઉપકાર નિમિત્તે કરેલી શ્રી પૂર્વાચાર્યની આ કૃતિ અલ્પજ્ઞ સમજી શકે તે માટે ભાષાંતર પણ સાથે આપવામાં આવ્યું છે. ભાષાંતર પણ સરલ અને શુદ્ધ શ્રીમાન્ કર્પૂરવિજયજી મહારાજે કરેલું છે જે ગ્રંથ હાલમાં અમારા તરફથી પ્રસિદ્ધ થયો છે. જે ખાસ વાંચન અને મનન કરવા યોગ્ય છે. કિંમત માત્ર મુદ્દલ રૂા. ૦--૮--૦ રાખવામાં આવી છે. પોસ્ટેજ જુદું. અમારે ત્યાંથી મળશે.

---

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# *Indian Education & Culture.*

What has happened to us in India is this: We have lost our central unity of idea, our concentration. Our energies and thoughts are divided and dissipated, not focussed and defined. This is a serious loss both to ourselves and to others. When the mind is scattered and wandering, we not only find it impossible to receive our lessons truly, but we also find it impossible to impart them. Just as in the case of an individual, if he is to be taught truly, the first step is to get released from dissipation of mental powers and to get trained in concentration of the mind, so in the case of a nation whose mind wanders, not being able to find a life-centre of its own, the first thing necessary is to recover the organic unity of its mind. In the present age India does not truly know herself. This is the cause of her present weakness, political and social, as well as intellectual. In order to gain the mental concentration, the want of which is at the root of all our futility, there should be some centre, or centres of culture, in India, where all the best products of the Indian mind should be brought together. There-in that atmosphere of culture, which represented a diversity in unity,-the children of India should receive their education. The pupils should gather round the teacher, not vice versa.

SIR RABINDRANATH TAGORE.

---

## જાહેર ખબર.

શ્રીમદ્ બુદ્ધિસાગરજી ગ્રંથમાળા અંક ૩૦ નું આત્મશીક્ષાનું પુસ્તક જેના સંગ્રહ કરનાર શાસ્ત્રવિશારદ જૈનાચાર્ય યોગ્યનિષ્ટ બુદ્ધિસાગરજી મહારાજ છે, પ્રગટકર્તા અધ્યાત્મ જ્ઞાનપ્રસારક મંડળ મુંબાઇ છે. તે પુસ્તકની ૨૫૦ આશરે નકલો તે પુસ્તક પ્રગટ કરવામાં દ્રવ્ય સહાય કરાવનાર સાધવીજી પરસનશ્રીજીની શિષ્યા સોભાગશ્રીજી તથા રતનશ્રીજીની મારફત તેના અપી સાધુસાધવી શ્રાવક-શ્રાવિકાઓ જ્ઞાનભંડારો અને લાયબ્રેરીઓને ભેટ આપવા આ સભાને મળી છે માટે જેને જોઇએ તેમણે પોસ્ટની અડધા આનાની ટીકીટો મોકલી નીચેના સીરનામેથી મંગાવી લેવી.

સેક્રેટરી.

શ્રી વીર વિદ્યોત્તેજક સભ-પાલણપુર.

---

For Private And Personal Use Only